Barcode - 99999990872503
Title - Karimbhai.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 102
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 087250

# કરીમભાઈ

સાકી

**गूजरात विद्यापीठ ग्रंथालय**

[ गुजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक ૬૨૩૩૩ वर्गांक

पुस्तकनुं नाम કાંમળાઈ

विषय [illegible] કરીમ

No. Received on 30-11-25

Huzur Deputy Collector,
Surat.

# કરીમભાઇ

હિંદુસ્થાનના શાહ સોદાગર-મુસ્લીમ સખાવતી
નૌકાના સુકાની-મીલ ઉદ્યોગના શાહ સર
કરીમભાઈ ઈબ્રાહીમનુ જીવન ચરિત્ર.

લેખક

## સાકી

તે

ખબરદાર ખૂની-ઈશ્ક મા દુન્યા-મહેરૂન્નીસા-ઝયતુન,
વેશ્યાના વ્હાલમા-કાકા કે કસાઇ-મુઝમુસે
દગાબાઝ-જબ્બરદસ્ત જાસુસ જામે-સાકી,
મોગલ સમ્રાટની ઇદ ઇત્યાદીના કર્તા

પ્રકાશક.

જી. મહમદ.

૧૫૧, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ ૩.

ઇ. સ. ૧૯૨૫ પ્રથમાવૃત્તિ સંવત ૧૯૮૨

સર કરીમભાઈ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૧૨૩૩૩

સર્વાધિકાર લેખકને સ્વાધીન.

કિંમત બે રૂપીઆ.

આ પુસ્તક મી૦ સાકીએ
લખ્યું અને સુરત લીમડા
ચોકમાં આવેલા 'દેશી
મિત્ર' પ્રેસમા નાથુભાઈ
હેવચંદે છાપ્યું.

## આ પુસ્તકના અગાઉથી ગ્રાહક થયેલા ગૃહસ્થો.

| | |
|---|---|
| શેઠ કરીમભાઇની કુંપની | ૧૫૧ |
| ,, હબીબ એન્ડ સન્સ | ૧૫ |
| ,, પાનાચંદ ધંદરજી | ૧૧ |
| ,, ભવાનજી લખમીદાસ | ૧૧ |
| ,, એક મુસ્લીમ (હુ આ) | ૧૧ |
| ,, એક મુસ્લીમ (ફ્રા. પ્રે.) | ૧૧ |
| ,, ધાલા ગુલામહુસેન | ૧૦ |
| ,, ભગવાનજી વલ્લભજી | ૫ |
| ,, રવજી નેણશી | ૫ |
| ,, લાલજી પુનશી | ૫ |
| ,, હુસેન મુલજી | ૫ |
| ,, ઠક્કર પ્રેમજી હરજી | ૫ |
| ,, હસનઅલી અલારખયા | ૫ |
| ,, આમદભાઇ હાજી મોલેદીના | ૫ |
| ,, શેરઅલી નાનજી | ૫ |
| ,, હસન મામદ મુમણ | ૫ |
| ,, આમદભાઇ એન્ડ ફાઝલભાઇ | ૫ |
| ,, એ. જે. ખેનરી | ૫ |
| ,, લખમીદાસ નેમીદાસ | ૩ |
| ,, જીવાભાઇ કુરજી | ૨ |
| ,, તુલસીદાસ નારણદાસ | ૨ |
| ,, હાજી મામદ ભારમલ | ૨ |
| ,, દેવસી દયાલચંદ | ૨ |
| ,, પીરમામદ ઇબ્રાહીમ | ૨ |
| ,, મામદ હાજી કાસમ | ૨ |
| ,, કરમાલી નથુ | ૨ |
| ,, ગજાનંદ જેશંકર ભટ | ૨ |
| ,, દેવચંદ માણેકચંદ | ૨ |
| ,, રાશીદ ઇસમાલ | ૧ |
| ,, ગુલામહુસેન ઇસમાલ | ૧ |
| ,, ગુલામહુસેન હાજી અબદલ્લા માવજી | ૧ |
| ,, ગુલામહુસેન હાજી બચુઅલી | ૧ |

## સર કરીમભાઇ.

શેઠ મુરાજ દાતુ ૧
,, આમદ મોલેદીના ૧
,, ગુલામહુસેન બંદાલી શીવજી ૧
,, અલીમામદ કરમાલી જાનમામદ ૧
,, એક મુસ્લીમ ૧
,, મીસીસ ઇબ્રાહીમ ગુલામહુસેન કરીમભાઇ ઇબ્રાહીમ ૧
,, હોરમસજી નસરવાનજી દુબાશ ૧
,, હસનઅલી લધુ ૧
,, ફરામરોઝ રતનસી દુબાશ ૧
,, છગનલાલ હરીવલ્લભદાસ ૧
,, અબ્દુલરહીમ ગુલામ હુસેન ૧
,, રેમતલ્લા ઇબ્રામ લાલજી મુખી ૧
,, હુસેન તેજાભાઈ મેઘજી ૧
,, ગુલામહુસેન કાસમ ૧
,, રજબઅલી રાશીદ ૧
,, મુરાજ દાતુ ૧
,, હબીબ આમદ ગુલામહુસેન ૧
,, શેરઅલી જાફર ગુલામહુસેન ૧
,, હાજી રેમતલ્લા હાજી હમીર ૧
,, હુસેન અબ્દુલકરીમ લાલજી ૧
,, હાજી વલી ૧
,, સાલેમામદ રાવા ૧
,, મોલેદીના આડત ૧
,, મામદ સુમાર ૧
,, ખોજા ગુલામહુસેન મોલેદીના ૧
,, આમદ બંદાલી આસર ૧
,, આમદ મોલેદીના ૧
,, મોહમદ આમદભાઇ ૧
,, આમદ કરીમ ૧
,, જુસબ જાફર હાશમ ૧
,, સોમજી તારમામદ ૧
,, બંદાલી વીરજી ૧

# એક રસીક વાંચન

પ્રેમરસથી ભરપુર ડીટેકટીવ નવલકથા એક અમેરીકન ડીટેકટીવની ચાલાકી, રશીયન રાજ્યના કાવાદાવા, રશીયન પોલીસની લુચ્ચાઈ. એક અબળાપર રશીયન શાહજાદાએ ગુજારેલો અત્યાચાર ડીટેકટીવનો અચાનક મેળાપ. ચીફ પોલીસનું કાવત્રું, ડીટેકટીવની સહાય, ડીટેકટીવ અને બાળામા નિર્મળ પ્રેમ અને હાડમારી ઇત્યાદી;

## મી૦ સાકીની તદ્દન નવી નોવેલ

થોડાજ સમયમા છપાઇ બહાર પડશે સાદી અને સરળ પણ આકર્ષક ભાષા અને સુંદર બનાવો સાથેનું નવું પુસ્તક

## જબરદસ્ત જાસુસ

જાડા એન્ટીક કાગળો, સુંદર છપાઇ, કાપડનું પાકું પુઠું અને એમ્બોસ્ડ બાઈન્ડીંગ સાથેનું એક-દળદાર પોથું

અગાઉથી ગ્રાહક થનાર પાસેથી રૂ ૨ાા

છપાઇ બહાર પડયા પછી રૂ ૩

જી. મહુમદ

૧૯૬, સેમ્યુલ-સ્ટ્રીટ મુંબઇ ૩

# બુલબુલે શીરાઝ.

## ભુમિકામાંથી થોડુંક.

શ્રિમાન કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી લખે છે કે "ભાઇ સાકીએ આ પુસ્તક લખ્યું છે તેમાં હાફીઝના જીવનને લગતી લગભગ દરેક વાતો સમાવી છે. હાલમા હાફીઝને સંબધે એવી મબલગ માહીતી આપનાર પૂસ્તક આપણી ભાષામા એક પણ ન હોવાથી સાકીએ સાહિત્યની ખરેખરી સેવા બજાવી છે."

## હાજી બેરીસ્ટર

મુંબઇનાજાણીતા ધારાશાસ્ત્રી મી૦ ઇબ્રાહીમ એસ. હાજી કેહે છે કે, "આવી ન્હાની વયમા મી૦ સાકીએ એક અમૂલ્ય પૂસ્તક પ્રજાના હાથમાં આપ્યું છે."

**ઇરાનના મહાન કવિનું સંપૂર્ણ જીવનચરિત્ર જેમાં.**

હાફીઝની શરૂઆતથી લઇ છેવટ સુધીની સ્થિતિનું વર્ણન તેમના ફારસી કાવ્યો, ગુજરાતી ભાષંતર સાથે અતિઉત્તમ રીતે તમે મેળવી શકશો.

યુરોપીયન વિદ્વાનોએ હાફીઝ માટે દર્શાવેલા મતો તમે આ પૂસ્તકમાં મેળવી શકશો.

પાકું પુઠું કિંમત ૧ ૩
કાચું પુઠું „ ૧ ૨

# બંસરી વાગી

શીરાઝની વાડીનો તે પ્યારો બુલબુલ
બોલ્યો,
તેના મધુર ટહુકાર ઉપર પ્રજાએ
પ્રાણ પાથર્યા

એક એક ગઝલ ઉપર માણસો મસ્ત બની જતા
ઠેકઠેકાણે તેનીજ ગઝલો ગવાતી, મીજલસોમાં
કે શાહી દરબારોમા, ગરીબોની ઝુંપડીમા કે
અમીરોના મહેલોમાં તેનીજ માળા જપાતી

તે

## બુલબુલે શીરાઝ

હતો

જે

## મહાન કવિ હાફીઝ શીરાઝી

ના નામે પ્રખ્યાત થયો.

સંપુર્ણ જીવન ચરિત્ર વાચવું હોય તો આજેજ મંગાવો

## ભૂમિકા

મુંબઇની સ્મૉલ કોઝીઝ કોર્ટના ચીફ જજ
સાક્ષર રત્ન
શ્રિમાન કૃષ્ણાલાલ મોહનલાલ ઝવેરીએ લખી છે.
મુંબઇમાં આ જીવન લોકપ્રિય થઇ પડ્યું છે

કિંમત પાકું પુઠું રૂ ૩
„ કાચું પુઠું રૂ ૨

જી. મહમદ
૧૯૧, સેમ્યુઅલ સ્ટ્રીટ મુંબાઈ ૩

ઉગતી કળીઓને
શિક્ષણના પાણીનું સીંચન કરજો
કે જેથી
પ્રફુલ્લીત થયા પછી તેમાથી સદ્દગુણ, સભ્યતા અને
હિતાની સુગંધ મહેકી ઉઠે
— તે માટે —
સુંદર ફીલ્મો અને શિક્ષાપ્રદ વાતો દેખાડવા
પ્રત્યે ખાસ ધ્યાન રાખજો
અને
સેન્ડહર્સ્ટ રોડ પર આવેલા

# ગ્લોબ સીનેમા

માંજ પધારજો.
જ્યા
હંમેશ સુંદર અને બોધપ્રદ ફીલ્મોજ ચાલે છે.
ઇંગ્લીશ, મુસ્લીમ, તેમજ હિંદુ સંસારની સુંદર ફીલ્મો,
ધાર્મીક ચિત્રપટો
ખાસ મોટા ખરચે મંગાવવામાં આવે છે.
અંતરપર સારી છાપ લઇ જવાનું એકજ સ્થાન

## ગ્લોબ સીનેમા.

સેંડહર્સ્ટ રોડ, મુંબઇ.

સર કરીમભાઈ.

શેઠ અલીદીના મોલેદીના ૧
,, યુસુફ શરીફ ૧
,, અલી શરીફ ૧
,, હાજી અબદુલકરીમ કાસમ ખટાઉ ૧
,, આમદ સુલેમાન જુમાણી ૧
,, ઇબરાહીમ મહેરઅલી ૧
,, હુસેનઅલી રજબઅલી ૧
,, ઇસમાઇલ ઇબરાહીમ વેરા ૧
,, મોહમદ હાજી હામદ સાબુઆની ૧
,, ગુલામહુસેન ખાનમામદ ૧
,, ગુલામહુસેન અબદુલ્લા ૧
,, કરમાલી હબીબ ૧
,, અલીભાઇ ધાલા કાનજી ૧
,, ઇસમાલ મેરાલી ૧
,, મુસા મોલેદીના ૧
,, ગુલામહુસેન સુલેમાન ૧
,, ગુલામહુસેન કરમાલી પટેલ ૧
,, ઇસમાલ મામદ મનજી ૧
,, અલી શરીફ ૧
,, મામદ હાશમ ૧
,, મામદ નથુ ઝાંઝીબારવાલા ૧
,, જાફરઅલી લાલજી ૧
,, પીરમામદ ઇસમાલ લાડક ૧
,, ગુલામઅલી રેમતુલ્લા ૧
,, અકબરઅલી જુમા કલયાણ ૧
,, જાફરઅલી પીરભાઇ ૧
,, હાશમ ઇસમાલ ગલાસવાલા ૧
,, જાનમામદ કાસમ ૧
,, ગુલામહુસેન રહીમ ૧
,, ઇ. આર. મલબારવાળા ૧
,, બેરામજી નસરવાનજી સેક્રેટરી ૧
,, યુસુફ એમ. પીરભાઇ ૧

## સર કરીમભાઇ.

શેઠ ગુલામહુસેન જે. રવજી ૧
,, દાવિદ હાશમભાઇ પુજા ૧
,, મહમદઅલી હાજી ગુલામહુસેન ૧
,, મહમદ બદ્દાલી ડોસાણી ૧
,, કરસનદાસ ડોસા ઠાકરસી ૧
,, હોરમસજી દો પહોચખાનાવાળા ૧
,, જહાંગીર એ દાવર ૧
,, બરજોરજી અસપન્દીયારજી શરાફ ૧
,, મનચેરજી ખુરશેદજી કરેવી ૧
,, અબદુલ્લા મહમદ ૧
,, બચુ મામદ ૧
,, મોતીલાલ માણેકલાલ ૧
,, નાનચંદ એચરદાસ ૧
,, સોરાબજી એદલજી દીગગીઆ ૧
,, A. Parsee ૧
,, એસ્ટીક જે. સેઠ ૧
,, ખાનમામદ કુંપની ૧
,, હસન અલી સાજન ૧
,, ઠાકોરદાસ હીરાલાલની કું ૧
,, મણીલાલ છગનલાલ પરીખ ૧
,, રતનશાહ એચ. ભરૂચા ૧
,, લધુ મોલેદીના ૧
,, અલીભાઇ ઇબરામ ૧
,, અબદુલરસુલ મોલેદીના ૧
,, ગુલામહુસેન ફાઝલ ૧
,, તાહુર કવારીગ કંપની ૧
,, દોસ્તમામદ નથુ ગાંગજી ૧
,, ખોજા બંદાલી મોલેદીના ૧
,, આમદ ઇબરાહીમ ૧
,, અલી વલીની કું. ૧
,, ફાઝલ પ્રેમજી ૧
,, અબદુલરસુલ હાજી ધરમસી ૧

# પ્રસ્તાવના.

પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આજે એક પર્વત સમાન માથે ઉભેલી ફરજમાંથી મુક્તિ મેળવી શકયો. સર કરીમભાઈનું જીવન ચરિત્ર લખવું એ માત્ર મારીજ ફરજ નહી પરંતુ મારી માન્યતા મુજબ હિંદના દરેક લેખકના મનમા એ ફરજ પુરી કરવાના વિચારો આવવાજ જોઇએ છતા ભાગ્યવાન છે સાકી જે બીજા કોઇ લેખક બંધુ આ પુસ્તક લખે તે અગાઉ તેનેજ સુજ્યુ, સુજ્યું. કાર્યનો આરંભ થયો. અને આજે હર્ષ ભાવે તે મહાન નરનુ વૃતાંત પ્રજા સમક્ષ મુકાયું.

"સારા કામમા સો સંકટ" એ કહેવતાનુસાર અલબત આ કાર્ય આટોપી લેતા મને પણ અનેક જંજાળોમાંથી પસાર થવું પડયું. એક પુસ્તક લખતા મને તે વળી શી અગવડો વેઠવી પડી હશે ? એ પ્રશ્ન ઉત્પન્ન થઇ શકે ખરો, છતા એ તો જેણે કાર્ય કર્યું હોય તેનેજ ખબર પડે. અથવા તો જે વ્યક્તિથી કામ પડયું હોય તેજ

સામાવાળાની અગવડોને પીછાણી શકે, તો એ તકલીફ પછી છેવટે સફળતા પૂર્વક પાર ઉતરી શક્યો એજ તે કૃપાળુ બાપનો સૌથી મોટો આભાર.

સર કરીમભાઈ એક એવા પુરૂષ હતા, કે જેઓ માટે એક નહીં પણ અનેક વીટંબણાઓ-માંથી પસાર થવાનું કોઈપણ વ્યક્તિ આનંદે કબુલશે. તેનના કોમ ઉપર, કોમ ઉપરજ નહીં પણ હિંદની પચરંગી પ્રજા ઉપર અનેકાનેક આભારો છે. એ આભારોનો બદલો ઇશ્વર સિવાય કોઈ પણ વાળી શકેજ નહીં. છતા તે સ્વર્ગવાસી પુન્યશાળી પુરૂષના ઉપકારોજ માત્ર યાદ કરવાનું ઉપ-કાર તળે દબાયલાઓને ફાળે આવ્યું. હા, ખરેખર આજે તે વ્યક્તિનું નામ અંતરની ઉંડી આશીશો સહીત લેવામાં આવે છે. ખોજા કોમ, ખોજા કોમ નહીં પણ અખીલ હિંદ તેની સખાવતને પીછાણે છે. સાકી તેવા મહાન પુરૂષનું જીવન લખવા પ્રેરાયો એ શું સાકીના અહોભાગ્ય નહીં કે ?

આ પુસ્તક બહાર પાડવામા મને કિંમતી મદદો આપનાર વીર પિતાના વીર પુત્ર સર ફાઝલભાઇ છે. સર કરીમભાઇ અને તેમના

કુટુંબ સંબંધેની સર્વ માહીતીઓ આપવામાં સર ફાઝલભાઇએ પોતાના કિંમતી સમયનો ભોગ આપ્યો છે. આ સ્થાને એ ખોજા કોમના તુરા સમાન લેખાતા નેતા સર ફાઝલભાઇનો પણ આભાર માનું છું.

સર કરીમભાઇ ઇબ્રાહીમ બેરોનેટના જીવનનો આરંભ મેં જુદીજ દીશા તરફ વળીને કર્યો છે. કે જેથી કોમમાં પેસેલા સડાઓ કોમના શ્રિમંતો જાગી તે પર વિચાર ચલાવી જોઇતા સુધારા કરી શકે. આ પુસ્તકમાં દાખવેલી બાબતોથી કોઇ પણ ગૃહસ્થે ઓછું લાવવાનું નથી. પણ સંકોચિત દૃષ્ટિ રાખવા બદલ વિશાળ દૃષ્ટિ રાખી. ખરા ખોટાની તુલના કરવાની છે. આ પુસ્તકનાં આરંભમાં જણાવવામાં આવેલી હકીકતો કોઇ પણ ખાસ કોમ માટે લખવામાં આવી નથી અથવા અમુક કોમેજ માત્ર એ પર વિચાર ચલાવવાનો નથી. પણ હિંદની દરેક કોમોમાં એવા સડાઓ આપણે મેળવી શકીશું. દરેક કોમે પોતાનુંજ વિચારવાનું છે. ખરા વિચારો લાવવા બદલ લેખક પર ક્રોધની તીક્ષ્ણ કટારો ફેંકવાની નથી, અને જો ફેંકવામાં આવે તો

તેવા સંકુચિત વિચારના ગૃહસ્થો માત્ર ભુલજ કરે છે એમ કોઇ પણ કહી શકે ખરેઃ—

સર કરીમભાઇના જીવન સંબધેની જેટલી માહીતીઓ હું મેળવી શક્યો છું તેટલી બનતા સુધી તો મેં એમાં સમાવી છે તો એ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. હું ભૂલું તો તેમા કાંઇ નવાઇ નથી, ભૂલ્યો હોઉં તો સુજ્ઞ વાચક વૃંદ મને ઉદારતા દર્શાવી ક્ષમા કરશે એવી આશા છે.

૮, દોનતાડ ક્રોસલેન<br>મુંબઈ ૩.<br>તા. ૧૨-૧૦-૨૫

સાકી.

# કરીમભાઇ

સર કરીમભાઇ ઈબ્રાહીમ

પહેલા બેરોનેટ

નું

# જીવન ચરિત્ર.

# The Late Sir Currimbhoy Ibrahim.

( First Baronet )



મુસ્લીમ સખાવતી નૌકાના સૂકાની હિંદુસ્થાનના શાહ સોદાગર

**મર્હુમ સર કરીમભાઈ ઇબ્રાહીમ.**

( પહેલા બેરોનેટ )

Joshi Art Bombay 1

ખુશા અમીર વો' મુન્અમ કે હોકે દોલતમંદ,
જુકાએ સર શજરે મેવા દાર કી સૂરત.

હિંદુસ્તાન અને તે પર વસ્તી ખોજા-પારસી-હિંદુ ક્રિશ્ચિયન-યહુદી-વોહરા-અને મોગલ તેમજ અરબ આદિ પચરંગી પ્રજામાંના સાહિત્ય વિલાસીઓ હજી થઇ ગએલા ઘણા ઘણા મહાન નરોના ચરિત્રોથી અપરિચિત છે જેનું મુખ્ય કારણ ખરી રીતે જોઇએ તો માત્ર તેમની બેદરકારી છે. આંખ વિંચામણા અને લોભ સાથે અજ્ઞાનવાદ

કડવું બી હિંદની પ્રત્યેક કોમમાં સદીઓની સદીઓ અગાઉ રોપાઇ ગયું છે વિવિધ કોમમાં રોપાયલા એ બીમાંથી કોઈ કોઈએ પોતાનું પોત પ્રકાશ્યું છે. કોઇ હજી ફુટવાની તૈયારીમાં છે, જ્યારે કયાંક એ બીનું સ્વરૂપ છોડના રૂપે આપણે જોઈ શકીએ છીએ. તો વળી ભારતની એવી અનેક કોમો છે કે જેમાં એ મૃત્યુની કડવાશ ધરાવનાર બી એક ઝેરથી ભરેલા મહાન વૃક્ષ તરીકે કોમના શીરપર ઝઝુમી રહ્યું છે જેના છતી આંખે આંધળા બનેલા તે જોઇ શકતા નથી.

આ પુસ્તક લખતા વચ્ચે કે છેવટના કોમ અને શ્રિમંત વર્ગ માટે કંઇ લખી કરવાત ફરી વીષના છાંટા ઉડાડું તે કરતા તો આરંભમાંજ ભલે એ ઝેર પ્રસરાય કે જેથી આગળ જતા સીંચન થએલા અમીથી તે હળાહળ વીષનું ઝેર ઉતરી જાય. આ વિષય આરંભમાંજ શોભે. કારણ કે તેવા ઝેરી બીયાને પાણી સીંચી છોડવા આકારમા અને તે પછી કોમને જડમૂળથી ઉખેડી ફેંકી દેવા તૈયાર ઉભેલા વૃક્ષ સ્વરૂપે તૈયાર કરનાર કોઇ હોય તો તે શ્રિમંતોજ છે માટે આરંભમાંજ તે બીને પાણી ન સીંચવાની ભલામણ કરતા બે બોલ ટાંકી લઉં તો તેજ યોગ્ય થઈ પડશે. જો કે મારા આ લેખ પર શ્રિમંતો લેશ માત્ર પણ

ધ્યાન આપવાના નથી એવી મારી સંપૂર્ણ ખાત્રી છે, છતાં જ્યારે લખવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, ત્યારે હવે લખ્યેજ છુટકો દીલમાં ભરાયેલા ઉભરાઓ ખાલી કરતાં પણ શ્રિમંતોની તિક્ષણ દૃષ્ટિનો ભોગ થઈ પડવાની ધાસ્તી અને ન લખતાં રીખતી કોમનો વિચાર એ બન્ને દિશાઓના તાણાતાણીમાં તણાતાં એટલે સુડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ ભોગવતાં લેખકને એટલું કહેવા દ્યો કેઃ—

કુછ જો કહેતા હું તો યારોકો [1]કલંક હોતા હય,
ચુપ જો રહેતા હું કલેજા મેરા [2]શક હોતા હય

શ્રિમંતો એટલે અજ્ઞાન વ્યક્તિઓ—આત્મ પૂજક પૂતળાં કોમનું સત્યાનાશ વાળનાર ઝેરી જંતુ-ઓ......શ્રિમંતો જો બુદ્ધિશાળી ગણાતા હોય તો તે માત્ર તેમની પાસે રહેલા ધન ભંડારથીજ, ધનને અંગે વ્યર્થ આડંબર કરતી આત્મ પૂજક વ્યક્તિઓ જનસમાજમાં વિદ્વાન તરીકે ઓળખાય છે. એટલે જાણે પોતે ન હોય તો દુન્યામાં અંધારૂંજ હોય માને છે

અલ્લાહરે [3]નાઝ દેખકે કહેતે હંય આઇના,
હમ [4]નાઝની નહી તો કોઈ નાઝની નહીં.

---

[1]કલંકઃ—દુ.ખ. [2]શક હોતા હયઃ—ફાટે છે.

પરંતુ વિચારક વર્ગ આગળ-પછી જુએ તો તે નિર્ધન હોય-જરૂર તે મુર્ખમાંજ ખપે છે. એવા શ્રિમંતો મુર્ખ છતાં પૈસાને અંગે વિદ્વાન ગણાતી વ્યક્તિઓ-અજ્ઞાન છતાં લક્ષ્મિની પ્રસન્નતાને અંગે ચતુર લેખાતા પુરૂષો ડગલે ને પગલે કોમમાં નજરે પડે છે જ્યારે જ્ઞાની-વિચારક-અને ખરા ખોટાની તૂલના કરી શકનારા શ્રીમંતો જુજ જોવાજ દેખાય છે, અને જેઓ એવા છે. તેવાઓ માટે એજ પ્રાર્થના છે કે ચીરકાળ પર્યંત જીવતા રહો. તેવા અવિચારી શ્રિમંતોના થોડાક દાખલાઓ ટાંકી લેવાની આ સ્થાને રજા લઉં છું. બનતા સુધી તો આજે જેટલા બનાવો ધ્યાનમાં છે તેટલા બધાજ ટાંકી લેવાની પ્રબળ ઇચ્છા મનમાં રમી રહી છે

[1]ચશ્મે સાકીકા ઇશારા હય યે [2]પયમાને સે,
દેખ હુશીઆર ન જાએ કોઇ [3]મયખાને સે.

---

[3]નાઝ:-અભિમાન. [4]નાઝની:-અભિમાન કરનાર-અભિમાન ધરાવનાર સુંદરીઓજ હોય છે. જેઓ પોતાના સૌંદર્ય માટે બહુજ અભિમાન કરે છે. તેથી સુંદર સ્ત્રીઓ માટે "નાઝની" બોલ વપરાય છે.

[1]ચશ્મે સાકી:-સાકીની આંખ. [2]પયમાનેસે:-પ્યાલાને. [3]મયખાનેસે:-પીઠામાંથી

જ્ઞાન ન હોય ને ધન હોય તો તેવા ધનને શું ધોઇ પીવું છે ? વિચાર શકિત ન હોય તો તેવા ધનનો શો ઉપયોગ ? ખરા ખોટાને પારખવાની પરીક્ષક દૃષ્ટિ ન હોય તો તેવા પૈસાને શું આગ લગાડવી ? ચાતુર્ય અને બુદ્ધિબળ નહોય તેવા શ્રીમંતોને શું ઉકાળી પીવા છે ? પૈસા હોય ને જ્ઞાન નહોય તેવા પૈસાને મારા તો સાત સલામ છે. આત્માભિમાન અને કોમ લાગણી વિનાની લક્ષ્મિને સેવકના તો સાત પ્રણામ છે.

કોમમા પડેલા ગરીબ બાળકો-અનાથો-અને વિધવાઓની દાઝ ધરાવનારા શ્રીમંતોજ આ ભારતપર જન્મો. એવા શ્રિમતોની અમને જરૂર નથી કે જેઓ વ્યર્થ અહભાવને પોષી પોતાની આડંબર વૃત્તિથી પોતાનેજ જોઇ શકે અમને તો કોમને જોનારા શ્રીમતોની જરૂર છે. કાઉન્સીલ કે કોર્પોરેશનમાં જવા વડી ધારાસભા કે બીજા એવાજ મંડળોમાં દાખલ થવા કાજે માણુસો લાખો રૂપીઆ ખરચી નાખે છે. પણ જ્યારે પોતાની કોમનું બાળક તેમને દરવાજે મદદ માગવા જાય છે. ત્યારે તે બાપડાને દરવાજા ઉપર પણ ઉભું રહેવા દેવામાં આવતું નથી. પાંચ પંદરની તેને મદદ કરવા હાથોમાં કાંટા વાગે છે. ધીક્કાર છે એવી શ્રિમતાઇને. આપણે જોઇ શકયા

હઇશું કે એવા મંડળોમા દાખલ થઇ તેઓ કોમનું લેશ માત્ર પણ ભલું કરી શકતા નથી. માત્ર તેમા દાખલ થવા મોટરો અને મત ભેગા કરનાર કેનવાસરો ઉપરાંત પાર્ટીઓ અને મોજ-શોખમાજ હજારો રૂપીઆ ખરચાઇ જાય છે. એ પૈસા કોમના લાભાર્થે ખરચાયા હોત તો શું કોમની ઉન્નતી ન થાત? જરૂર થાત પણ સમજે કોણ? પોતે ખરાબીના અંધકારમય ઉંડા ખાડા તરફ તણાતા જાય છે છતા તેમા પડી નાશ થવા અગાઉ પોતાને સંભાળી લેવાના વીચારો તેઓ લેશ માત્ર પણ કરતા નથી.

પર ઉસ કૌમે [1]ગાફીલ કી ગફલત વોહી હય,
[2]તનઝુલપે અપની [3]કનાઅત વોહી હય.
મીલે ખાકમેં ફીર ભી [4]રૌનક વોહી હય,
હુઇ સુબ્હ ઔર ખ્વાબે [5]રાહત વોહી હય.
ન અફસોસ ઉન્હેં અપની જીલ્લતપે હય કુછ,
ન [6]રશ્ક ઔર કૌમો કી ઇઝ્ઝત પે હય કુછ.

---

[1]ગાફીલ:-ભાન ભુલી. [2]તનઝુલ:-અસ્ત. [3]કનાઅત:-ધીરજ. [4]રૌનક:-જાહોજલાલી. [5]રાહત:-આરામ. [6]રશ્ક:-ઇર્ષા.

સરકારી દવાખાના કામ પ્રત્યે તમે નીહાળો— લોન કે બીજી એવી બાબતો જેમાં સરકારને મદદ જોઈતી હોય ત્યારે કોઇ માનનીય સરકારી અમલદાર મુખ્ય શ્રીમંતોને પાર્ટીઓ આપી પોતાને ત્યાં નોત્રે છે. પાર્ટીમાં ખાણીપીણી પછી ઝટ દઇ તે પોતાની મતલબ કહી નાખે છે અને નામના ભુખ્યા શ્રીમંતો તરત પચીસ પચાસ હજાર કે બે પાંચ લાખનો આંકડો ત્યાં જમે કરાવી આવે છે. આટલા રૂપીઆ માત્ર પોતાની નામના ખાતરજ અપાયા. એમાં તેમણે કામનું શું ભલું કર્યું ? તે અમલદાર સાહેબ પાસે તો તરત રૂપીઆ ઓકી નાખ્યા પણ કામનું કોઈ બાળક સહાય માગવા દરવાજે આવશે તો "શેઠ સુતા છે" અથવા 'બહાર ગયા છે" એમ કહી તે બીચારાને ટાળી નાખશે. અને જો કદાચ જોગ જોગે તે શેઠ સાહેબ સાથે વાતચીત કરવાનું માન તે બાપડો ખાટી શક્યો તો એ 'અમે તે કેટલાને મદદ કરીએ ?" એમ કહી બચારાને કાઢી મુકશે. હા...ખરી વાત બિચારા તે ઉદાર પુરૂષ કેટલાકને મદદ કરે ? મદદ કરી કરી તો થાકય. હવે લક્ષ્મિનો વિયોગ તેઓ કેમ ખમી શકે ? વિરહી મન બળી જવાની ધાસ્તી પણ પાછી સાથેજ હોય એટલે તેમને હાથ ખેંચવુંજ પડે.

[1]ફીરાકે યાર મેં [2]નફરત હય મયસે,
અલગ બૈઠા હું સાકી સે બીગડ કર.

ઘણી ઘણી આશાએ આવેલો તે બિચારો નિરાશ થઈ પાછો જશે. શું તેના શ્રિમંતો ભુલી જાય છે કે જરૂરત વિના કોઈ મદદ માગવા ન આવે.

[4]ઈન્કાર તો કરતે હો મગર યેં'ભી સમજ લો,
[5]બે વજહ કીસીસે કોઈ [6]સાએલ નહીં હોતા.

રાંડોના ઘરમાં—નાચ મુજરામાં કે કોઈ કંચનીના પ્રેમમાં લાખો ભલે ખરચાય. પાન ચાવવામાં કે પ્યારીના હાથે પાનનું બીડું ખાવામાં હજારો ભલે ઉડે. દારૂની બાટલીમાં ક્રોડો ભલે વહી જાય. મોટરના પેટ્રોલમાં સેકડો ભલે સળગે. પણ કોમ ન ખાય. કોમ મદદ ન મેળવે, કોમ કેળવણી ન પામે, કોમ રીબાતીજ રહે. કોટી ધીક્કાર છે એવા ભારતના સંતાનોપર.

વાંધો ઉઠાવવામાં આવ્યો કે કોમના શ્રિમંતો કરતાં ખરો દોષ મધ્યમ સ્થિતિના માણસોનોજ

[1]ફીરાક:—વિયોગ. [2]નફરત:—ધીક્કાર અથવા કંટાળો. [3]મય:—દારૂ. [4]ઇન્કાર:—ના પાડવી. [5]બે વજહ:—કારણ વિના. [6]સાએલ:—માંગનાર.

છે. જેની દલીલો આપવામા આવી, પણ એ દલીલો ઉપર અચ્છી રીતે વિચાર કરતા છેવટે પણ કોયડું તો એમજ ગુંચવાયલુંજ રહ્યું. શ્રિમ-તોમા જેટલા દુર્વ્યસન છે તે કરતા પણ વિશેષ મધ્યમ વર્ગમા છે. એ વાત ખરી. છતા ઉંધે રસ્તે ઉતરી પડેલા એ ગરીબ વર્ગને ક્યાથી ખબર પડે કે તેઓ સરળ માર્ગ ત્યાગી ચૂક્યા છે? કારણ કે તે બાબતનું ભાન કરાવવા માટે કેળ-વણી અને જ્ઞાનની જરૂરત છે જેનો તે મધ્યમ વર્ગમા તો અછત દીસે છે. એટલે કેળવણી કે જ્ઞાન વિનાનું ભલુ ભુડુ તે કેમ પારખી શકે? તે ઉપરાંત જો ગરીબ વર્ગ દુર્વ્યસની હોય તો તેને સુધારવાનુ કામ પણ માત્ર શ્રિમતોથીજ થઇ શકે છે. એક ગરીબ વર્ગની વ્યક્તિ કરતા એક શ્રિમતનો ખરચ ડગલેને પગલે અગણીત હોય છે, પ્રત્યેક કામમા તે વધુ ખરચે છે. વધુ ઉડાડે છે. એટલે આટલો ખરચ રાખનાર શ્રિમંત પોતાના ખરચમાથી કોમને તારવા માટે પણ અમૂક રકમ કાઢી શકવા સામર્થવાન છે. મધ્યમ સ્થિતિની ફરજ અને શ્રિમત વર્ગની ફરજને હુ આગળ જતાં સમજાવીશ અને તેથી સમજાઇ આવશે કે ખરો દોષ શ્રિમતવર્ગનોજ છે. એટલું નક્કીજ છે કે મોજશોખ માટે ખરચ કરનાર એટલે કે જે માણસ એક થોડા સમયમા આટલો ખરચ

કરી શકવા સામર્થવાન હોય તો પછી તે પોતાની યથાશકિત મુજબ કોમના ગરીબોના ઉદ્ધારાર્થે શા માટે પ્રયત્ન ન કરે ? શા માટે તે કોમને મદદ ન કરે ? જેમ પોતે ખાઇ પી આનંદ મેળવે છે, તેમ કોમનું હિતાહિત પણ તે શા માટે ન વિચારે ? આ વાતનો નિર્ણય આગળ જતા થઈ જાય ત્યા સુધી બીજી વસ્તુઓ તપાસી લ્યો.

આવો હવે પશ્ચિમની ઠંડી હવાના લ્હાવા લૂટવા ત્યાં સુધી ધકેલા ખાતા શ્રિમંતો તરફ આપણે જોઇએ. વર્ષમા એકાદ બેવાર પોતાની તંદરૂસ્તીના સુધારાર્થે યુરોપના પ્રવાસે નીકળી પડતા શ્રિમતો લાખો રૂપીયા કાકરા પેઠે વેરી નાખે છે. યુરોપ '' એ નામની મોહીની જાણે તેમને લાગી હોય તેમ વર્ષમા એકાદ વાર જો ત્યાં ન જવાય તો તેમને ચેન પડતું નથી, હા...કેમ ન હોય ! શીતળ પ્રદેશની સુંવાળી ચામડી કોને ન ગમે ?

દમ નીકલને લગા ઉસ બુતપે મુસલમાનોંકા અબ તો અલ્લાહી [1] નીગેહબાન હય ઇમાનોંકા

થોડાજ સમય ઉપર એક સર નાઇટ સાહેબ યુરોપના પ્રવાસે નીકળ્યા હતા. અગાઉ એમ તો

[1] નીગેહબાનઃ—રક્ષક–સંભાળનાર.

દર વર્ષે તેઓ ત્યાં જતાં રહેતા, પણ તેમની છેલ્લી મુસાફરીનો ખરચ કર્મ સંજોગે હું જાણવા પામ્યો, જે રૂપીઆ ચાર લાખનો હતો. એ ચાર લાખમાંથી ત્રણ લાખ—અરે બેજ લાખ એટલા પણ નહીં તો એકજ લાખ તેમણે જો પોતાની કોમ માટે કહાડ્યા હોત અને તે લાખ રૂપીઆ માટે કોમને જોઇતી મદદની જાહેરાત આપી હોત તો આથી શું કોમને મદદ ન થાત? બીજા એક રાજવંશીની રૂપીઆ પીસ્તાલીસ લાખની યુરોપ ખાતે બનેલી કહાણી શું પ્રજા વિસરી બેઠી છે? એક સાધારણ ખાટકી કન્યા માટે રૂપીઆ પીસ્તાળીસ લાખ સાથે પોતાની ઇજ્જતનો ભોગ! એ શું પશ્ચિમની બલીહારી નહી કે? પેલા સરનાઇટ સાહેબ ચાર લાખ યુરોપ જઇ ખરચવા કરતા ચારસોમા હિંદની કોઇ એવી જગ્યાએ ન્હોતા જઇ શકતા કે જ્યાં તેમની તંદરૂસ્તી સારી રહી શકે? હા. કદાચ ભારતે પોતાનું ગૌરવ ખોયું હશે? શું આ નંદનવન હવે કંટકમય થઈ ગયું? શું જે ભુમિ ઉપરના લીલા છમ ખેતરો માટે કવિઓ વર્ણન કરતા, લેખકો મુક્તકંઠે વખાણ કરતા તે જતા રહ્યા? ફળફળાદિથી લચી રહેલા લતા, મંદીરોની મહીમા અને મનોહર જમીનો શું અહીંથી ઉપડી ગઈ? શું ... ... ...

સિંધુના શીતળ કીનારાએ એ ફળદ્રુપ જમીનોને શુષ્ક બનાવી દીધી ? શું દીલ્હી, આગ્રા, લખનવ, કે કાનપુરની આદર્શ કળાના નમૂનાઓ હસ્તીમાંથી મટી ગયા ? શું તે શીતળ ટેકરીઓ ભારતીમૈયા ખોઇ બેઠી ? દુર્ભાગી ભારત ભ્રાતૃભાવના અમી રેલાવી રહેનાર, તારા મુક્તકંઠે વખાણો કરનાર વીરલા તો ઉપડી ગયા. જે દેશ ઉપર દેવ દાનવો પેદા થયા, જે ભૂમિ પર મહાન નરો-યોદ્ધાઓ અને પરોપકારી પુરૂષો જનમ્યા, જે દેશમાં મહાન તપસ્વીઓ અને પીર મુરશીદોએ જન્મવાનું મન પર લીધું, તે દેશનું ગૌરવ, અભિમાન ઝળક અને પરદુઃખભંજન ગુણો જતા રહ્યા ? ધન્ય છે ભારતી પુત્રો તમને.

યેહી હાલ દુન્યામે ઇસ કૌમકા હય
[1]ભંવરમેં [2]જહાઝ આકે જીસકા પડા હય
કીનારા હય દુર ઔર તુફા બપા હય
[3]ગુમાં હય યે હરદમ કે અબ ડુબતા હય
નહીં લેતે [4]કરવટ મગર [5]અહેલે કીસ્તી
પડે સોતે હંય [6]બે ખબર અહેલે કીસ્તી

---

[1]ભંવરઃ-પાણીનું વ ટોળીયું. [2] જહાઝઃ-નૌકા [3]ગુમાં-શંકા. [4]કરવટ-પાસું ફેરવવું [5]અહેલેકીસ્તી નૌકામાં સુનારા અથવા બેસનારા [6]બે ખબર-ભાન ભુલી.

એક વખતની વાત છે કે દેવલાલી ખાતે આવેલી જમીન સંબંધે ચાલતા કેસ માટે મારે નાસકની કોર્ટમાં જવાનું હતું. પણ હું ત્યાં જઇ લડત ચલાવું તે અગાઉ મારા પિતૃઓએ પાવર ઓફ એટરની લઇ લેવાનું કહ્યું. પાવરનો ખરડો તૈયાર કર્યો અને ગયો. હું તો એક જે. પી. સાહેબની સહી લેવા મારા પાડોશમાંજ વસ્તા તે જે. પી. સાહેબે પોતાને ત્યાં એક જુનો પુરાણો વકીલ નોકર રાખ્યો હતો. તરત તેમણે તે ખરડો પેલા ઘરડા ખખને જોવા આપ્યો. તે વકીલ સાહેબ હતા મરાઠા એટલે કાંઇ ગણુ-ગણુતા ચસ્મો ચઢાવી મંડયા જોવા. અને થોડી-વાર રહી તેમણે તે ખરડો પેલા જે. પી. સાહે-બના હાથમાં આપતાં કહયું. "હે મંધી આપલા કામ નાહીં." ચાલો થઇ રહયું, પેલા વકીલ સાહેબે કહયું અને તે જે. પી. સાહેબ તે ખરડો મારા હાથમાં આપતાં બોલ્યા. "ઔર કીસીકે પાસ સહી કરાલો." હું તો સ્તબ્ધજ થઇ ગયો. પેલા જે. પી. સાહેબે પોતાનું પોત પ્રકાસ્યું, અને પોતાની વર્તણુંકથી મને જણાવી દીધું કે હું કાયદા કાનુનો જાણતો નથી. માત્ર શ્રિમંત હોવાને કારણે નામ આગળ પુછડું તો હોવુંજ જોઇએ એટલે જસ્ટીસ ઓફ ધી પીસનું પુછડું વળગાડ્યું છે. હું મારા મનમાંજ તે સમજી

વ્યક્તિની મુર્ખતા ઉપર અફસોસ કરતો સ્વર્ગસ્થ ડેપ્યુ. મ્યુનિસિપલ કમિશ્નર મી૦ એ. એ મોલ્વી પાસે ગયો. અને તે ભલા પુરૂષે શું કર્યું ? મારી સાથે મારે ઘેર આવતો રહયો. માર્ગમાં મેં કહયું "આપણે ગાડી કરી લઇએ." તોએ તેમણે ના પાડી અને રખડતા તે બિચારા મારે ઘેર આવી સાડી કરી ગયા.

અમને તો આવા પુરૂષો જોઇએ છે. અજ્ઞાન અને મુર્ખ જે. પી. સર નાઇટ-ખાન બહાદુરો-કે બેરોનેટોની અમને જરૂર નથી. સ્વાર્થી શ્રિમંતો કોમને નથી જોઇતા. અમને તો પરદુઃખભંજન-પરોપકારી અને પરમાર્થમાં મન રોકી રાખનારા વીરલાજ જોઇએ છે. વિદ્યાની તો સુગંધ પણ જેમણે ન લીધી હોય એવા શેઠીઆઓની અમને જરા પણ જરૂરત નથી. બીજાઓને જરૂરત હોય તો ભલે. મને તો તેવા શેઠીઆઓની લેશ માત્ર પણ દરકાર નથી, કારણકે મારી નજરમાં તો તેવી વ્યકિતઓ પુરૂષાર્થ ધરાવનાર વ્યકતિઓ તરિકે નહિં, પણ માનવ, અંદતરમાં ધારણ કરેલા વાંદર સ્વરૂપ જેવા જણાય છે. "વિદ્યા વિનાનો માણસ નિત્ય નવા મેવા ખાનાર વાંદરાથી પણ બદતર જણાય છે."

[1] ખુશા અમીર વો' [2] મુન઼્્આમ કે હો કે [3] દૌલતમંદ
[4] જુકાએ સર [5] શજરે મેવાદારકી સુરત

કોમમાં કેળવણી નથી. કારણ કે કેળવણી કે વિદ્યાને ચાહનારાજ નથી. એક ઘરમા જ્યારે પુત્ર પ્રાપ્તિ થાય છે. ત્યારે ગમે તો તે શ્રિમંત હોય કે નિર્ધન પણ માત પિતા તો હર્ષ ઘેલાજ થઇ રહે છે. ન્હાનપણથી પાળી પોષી ભવિષ્યમાં તે પૂત્રથી લાભ મેળવવાના વિચારે તે ગરીબ આર્થિક સ્થિતિ ખરાબ હોવા છતાં પણ પોતાના પૂત્રને મહા કષ્ઠ વેઠીને પણ મોટો કરે છે. નિશાળે જવાને લાયકનો થતાં માતપિતાને પોતાના તે પૂત્રને કેળવણી ~~આપવાનો વિચાર થાય છે. પણ~~ કેળવણી આપવાને પૈસા કયાથી લાવે ? છેવટે તેઓ બાપડા નીરાશ થઇ પોતાના પૂત્રને મજૂરી કરવા મોકલે છે. સાધારણ પગાર ઉપર તેને પોતનું નિર્વાહ ચલાવવું પડે છે. કહો હવે કે તે બાળકને આગળ વધવાના કોઇ ચિન્હો છે ? નથીજ. તેની જીંદગી ધૂળ થઇ ગઇ. તેની શકિતઓ દબાઇ ગઇ. અને તે મજુરી કરવા પાછોજ પડ્યો. કયાં ગયો

---

[1] ખુશાઃ—મુબારક છે. [2] મુન઼્્અમ:—કલ્યાણ કર્તા [3] દૌલતમંદઃ—શ્રિમંત. [4] જુકાએઃ—નમાવે, [5] શજરે મેવાદારઃ—ફળથી લચી રહેલા વૃક્ષ.

માત પિતાનો પુત્રના જન્મ દિવસે ઉપજેલો હર્ષ?' આ આનંદ તેમજ ઉત્સાહને દાબી દેનાર–ભિક્ષુકાવસ્થામા રીબાવી રીબાવી મારી નાખનાર કોઇ હોય તો તે કોમના શ્રિમંતોજ છે. કેટલાકોને થોડુંક શીખ્યા પછી પૈસા ન હોવાના કારણે અધવચ્ચે નિશાળ મૂકવી પડે છે. અને રળી ખાવા માટે બહાર પડવું પડે છે. શું કોમના શ્રિમંતો પોતાના ગરીબ બાળકોને ઉચ્ચ સ્થાને નથી લઇ જઇ શકતા? આવી પછાત કોમ માટે ટીકા કરતા સને ૧૮૪૭ની સાલમા સર અર્સકીન પેરીએ ખુલ્લે ખુલ્લુ જણાવ્યું હતું કે ("ખોજાઓમાં) શીખેલા માણસોનો ટોટો છે, અને વિદ્વાનો તો હોયજ કયાથી? એક પણ ખોજો અરબી અથવા ફારસી ભાષા જાણતો નથી, કે જે ભાષામા મુસલમાની ધર્મ અને સાહિત્ય લખાયલા છે."

બર કોરટમા પોતાના ભાષણમા સર અર્સ કીન પેરીએ કરેલા ટીકા, માત્ર ટીકાજ નહિ પરંતુ કોમને અવનવું શીખવનાર ઉત્તમ શિક્ષાપ્રદ શબ્દો હતા. આવા કલંકને શું કોમ ધોઇ ન નાખશે?

લોર્ડ એકનના જરા તે અમીવચનો યાદ કરો, તે પ્રખ્યાત નર લખે છે, કે "હે મનુષ્ય! તું તારી

યુવાવસ્થામા જીંદગી રૂપી જમીનમા એવા બી રોપજે કે જેથી વૃદ્ધાવસ્થામા તું સારા ફળો પ્રાપ્ત કરી શકે. ”

કેમ રોપે ? કોમ્રી બાળકની જીંદગી છીનવી લેનાર–જીંદગી રૂપી ભૂમીને ખેદાન મેદાન કરી નાખનાર, શક્તિનુ ખૂન કરનાર શ્રિમતો, પાશાણ હૃદય ધરાવતા વ્યર્થ આડંબરીઓ વડીલોના સકંજામા સપડાયલા બાળકને તેવા અમૂલ્ય બી રોપવા જમીનજ મળતી નથી. કોમમા જનમ્યો તે તો માત્ર આત્મપૂજકોની ચાકરી કરવા માટેજ, પણ તે આંધળાઓ ભૂલી જાય છે, કે તે યુવક જીવડાને જો પ્રગતિનું પાણી પાવામા આવે તો આખી કોમને પોતાની હથેલી ઉપર ઉચકી તે પ્રગતિના શીખરે પહોચાડી દેવા સામર્થવાન થઇ શકે. પણ તે બાળકની તેવી શક્તિઓ ખીલવવી જોઇએ. માત્ર અભણ રાખી - તેની પાસેથી કોઇ પણ જાતના સારા ફળો મેળવવાની આશા રાખવી એ મિથ્યા છે.

મા’શુક વો’ હય જીસ્કી તબીઅત ભી શોખ હો
ક્યા ફાયદા ફક્ત હો જો ચહેરેકા રંગ શોખ

યાદ કરો સર વૉલ્ટર સ્કૉટના આ વાક્યો. “દુન્યાના મહાન કામો ઘણે ભાગે યુવકોએજ કીધાં છે, જ્યારે બુઢ્ઢાઓએ તો તે પર માત્ર ટાપટીપજ કરી છે ”

આટલું બધું અત્યારે કોણુ વિચારે ? કોણુ સમજે ? પોતાની ફરજો પર વિચાર કોણુ ચલાવે ? એ બધું નજ થાય, કારણુકે તેઓ મદમાં ભાન ભૂલ્યા છે. પણુ જ્યારે યમરાજ માથે ઉભો રહી–કાળ આમંત્રણુ કરશે, ત્યારેજ તેઓ અજાયબીમાં ડોળા ફાડી જોતા રહેશે. ચકિત થઈ જશે. પછી સ્વાર્થ અને પરમાર્થમા સમાએલા ગુણ દોષો તેમને જણાશે. ત્યારેજ યુરોપનો પ્રવાસ અને ગોરી મડમડીઓ સાથે કરેલા વૈભવ વિલાસો પાપ સ્વરૂપ ધારણ કરી દ્રષ્ટિ સમક્ષ તરી છાતી ઉપર ચઢી બેસશે પણુ...પછી શુ ?

સદા દોરા દોરા દીખાતા નહી
ગયા વકત ફીર હાથ આતા નહી

--- મહાન નાટકકાર શેકસપીઅરે પણ ખરૂંજ કહયું છે કે "જે માણુસ યુવાવસ્થામા બુઢાપાને યાદ કરતો નથી તે વૃદ્ધાવસ્થામાં યુવાનીને યાદ કરી રડે છે."

આજકાલ કોણુ ભવિષ્યની ચિંતા કરે છે ? કારણુકે જેમને ચિંતા કરવી જોઇએ તેઓમાં તો જ્ઞાન–બુદ્ધિ–કે પાડિત્ય નથી. અને જેઓમાં આવી શકિતઓ છે તેઓ બાપડા લક્ષ્મીના હાથે લાચાર થઈ પડયા છે. મુર્ખાઓના હાથમાં રહેલી સત્તાનું ભાન કરાવતાં ઇરાનના પ્રખ્યાત કવિ હાફીઝ કહે છે કે

અબ્લહનરા હમા શર્બત ઝે ગુલાબો કંદ અસ્ત
કૂતે દાના હમા અઝ ખૂને જીગર મીબીનમ
અસ્પે તાઝી શુદેહ મજરૂહ બઝેરે પાલાન
તૌ કે ઝરરીં હમાદર ગર્દને ખર મીબીનીમ

અર્થાતઃ—અજ્ઞાન તેમજ મુર્ખાઓને તો આજ કાલ ગુલાબ અને કંદના શર્બતોજ મળે છે, જ્યારે વિદ્વાન તેમજ પંડિતોને તેમના ખોરાક બદલ હ્રદયમાંથી નીકળતા રકતને પીતો જોઉં છું.

કુળીન અશ્વ એક નિર્જીવ કાઠી થકી જખ્મી થયો,

જ્યારે ગધેડાના ગળામાં સુવર્ણાલંકારો પડેલા જોઉં છું. એવા માત્ર નામના શ્રિમંતો શા કામના? બુદ્ધિ અને વિચાર શક્તિ વિના કોમનું તેઓ કેવું સત્યાનાશ કાઢે છે, તે તેઓ ક્યાંથી જાણી શકે? વાહ, એવા શ્રિમંતો તો હિંદમાં ભલે જનમ્યા.

ઠોકરોં કે કભી [1]એ'જાઝ દીખાએ ન ગએ
અચ્છે [2]ઇસાહો કે મુર્દે ભી જીલાએ ન ગએ

---

[1] એ'જાઝઃ—પરાક્રમ [2]ઇસાઃ—મુસલમાનોના એક પયગમ્બર જેને ક્રિશ્ચિયનો ઇશ્વરનો પુત્ર માને છે. જેઓ મડદાને જીવાડવાની શક્તિ ધરાવતા હતા. અને ઇસા મસીહના નામે પ્રખ્યાત થયા છે. મસીહ એટલે ઇલાજ કરનાર

કોમને મદદ ન કરનારા–કોમની દાદ ફરીઆદ ન સાંભળનારા–અને પોતાનાજ આનંદને મોજ શોખમાં પડયા પાથર્યા રહેનારા શ્રિમંતો રૂષ્ટ પુષ્ટ દેખાય છે. શ્રિમંતાઇની છાપ તેમના મુખ ઉપર જણાય છે, અને શ્રિમંતાઇને અંગે ગાલ ઉપર લાલી પણ દેખાય છે, છતાં ખરી રીતે જોતા તે લાલી નથી, પણ કોમના બાળકોના હૃદયમાથી નીકળતા હાયકારાની ભયંકર છાપ છે.

અય [1]હસીનો રંગ [2]મીસ્સીકા નહી હોઠો પેયે
હય ધૂંવા ઉડકર જમા બેશક કીસીકી [3]આહકા

કહો જોઇએ કોમની સ્થિતિ તેવા અવિચારી શ્રિમંતોને અંગે ખરાબ હોય કે નહિં ? એક બાળકના જન્મથી મરણ સૂધીની સ્થિતિ તમો ધ્યાનપૂર્વક તપાસો તો તમને જણાશે કે કેટકેટલા ગરીબ બાળકોનું ખૂન કોમના શ્રિમંતોની ગરદન ઉપર પોતાની લાલી દેખાડી રહ્યું છે. બાળકની જન્મ સ્થિતિ પ્રથમ તપાસો. એક બાળક જનમ્યું અને જન્મતાંજ તેને હવા પાણી વિનાના એટલે કે જીવતાંજ કબરમાં રહેવું પડયું. આજ કાલના

---

[1]હસીનઃ–સૌંદર્ય ધરાવનારાઓ. [2]મીસ્સીઃ–હિંદુસ્તાનમાં દાંતે મીસ્સી લગાડવી તે સૌંદર્યમાં વધારો કરવા સમાન છે. ત્યાંની સ્ત્રીઓ ખુબ સુરતી માટે મીસ્સી લગાડે છે. [3]આહ=હાય.

સમયમાં એક તો ઘરના ભાડા એટલા મોંઘા કે ગરીબ માણસ કમાતો હોય મહીને રૂપીઆ પચાસ અને તેને ભાડું ભરવું પડે રૂપીઆ ત્રીસ, બાકી બચેલા વીસ રૂપીઆમાં તે શું ખાય? શું સ્ત્રી છોકરાને ખવરાવે ? શુ પહેરે ? અને શું બાળકોને કેળવણી આપવા પાછળ ખરચે ? એટલે પોતાની પથારીના પ્રમાણમા પગ લાંબા કરતા ઓછા ભાડાનુ મકાનજ તેને લેવું પડે અને તે લેવા કાજે તે ગટર જેવી ઓરડીમા હવા ઉજાસ વિનાના ઘરમા રહે એમ કહો કે ઘોરમાં રહે. એટલે પ્રથમજ તેની તંદરૂસ્તી ખરાબ થઈ આરોગ્યતા મુસાફરી કરી જાય, અને રોગ જડ ઘાલી પેસે, તેમા અવતરે બાળક, એટલે કુમળુ બી હજી તો ધરતી ઉપર આવતાંજ–એમ કહો કે માતાની પેટરૂપી ઘોરમાથી નીકળતા નિર્દય શ્રિમતોનો ભોગ તે બિચારૂં કુમળું બાળક અંધારા ઘરમાં–ગંદી હવા પાણી વિનાની કોટડીમાં આવ્યું.

પૂરી મુરાદે દીલ હો કે ફુટે મેરા નસીબ
ચલતા હું અબ્તો [1]કુચએ કાતીલકો યા નસીબ

બાળક જન્મતાં હવે માતાનું દુધ તેને પાવું જોઈએ. પણ દુધ આવે ક્યાંથી ? પૌષ્ટિક ખોરાક

---

[1]કુચએ કાતીલ:–કાતીલના મોહોલ્લામાં કાતીલ એટલે મારનાર–સંહારનાર.

મળે કે કાંઈ શક્તિ આપનાર પદાર્થોથી માતાની શક્તિનું રક્ષણ થાય ત્યારે બિચારૂં બાળક પણ દુધ મેળવી શકેને ? પણ માતાનેજ દુધ ન હોય નિર્બળતા અને અશક્તિને અંગે દુધ સુકાઇ ગયું હોય તો પછી બાળક બળવાન બનેજ કેમ ? માતાનુ દુધ ન મળવાથી બે પૈસાનું બકરી કે ગાયનું દુધ લાવી તે બાળકના ટગમગતા જીવન દીપકને નભાવી રાખી શકાય. પણ આરંભમાંજ માતાનું દુધ ન મળવાથી તે બાળકની માનવ પ્રકૃતિમાં જરૂરજ ફરક પડે. માતાનું દુધ જે તે બાળકની માનસીક શક્તિ ખીલવનાર અમીનું કામ કરે છે, તે બદલ ઢોરોના દુધથી તે બિચારાનું પોષણ કરવામાં આવે. કહો હવે તે બાળક કેમ તંદરૂસ્ત રહી શકે ? એક તો ખોરાક નહિં અને બીજું હવા ઉજાસ વિનાનું ગંદુ ઘર એ બન્ને આપદાઓમાં તે કુમળું બાળક પોતાનું આયુષ્ય ખોતું જાય છે. જેમાં ઘણા ખરા બાળકોતો આવી સ્થિતિને અંગે કમોતેજ મરી જાય છે. પણ જો કોમના શ્રિમંતો હવા ઉજાસવાળી આરોગ્યતાના દર્શન કરાવનારી સસ્તા ભાડાની ચાલીઓ કે મકાનો બાંધે તો તેવા કમોતે મરતા બાળકો શું ન જીવી શકે ? અને ગંદી હવાથી માંદા થઇ પડી ડોકટરોને પૈસા ખવાડતા ગરીબ માણસો શું તંદરૂસ્તી ન જાળવી શકે ?

દૈવ જોગે તેવા બાળકોમાનું કોઇ બચ્યું અને રીબી રીબી મોટું થયું, એટલે કે છ સાત વર્ષની ઉમરનું થયું તો પછી માબાપોને તેને નીશાળે મૂકવાની ચિંતા પજવે. પણ પિતા કમાતોજ એટલા પૈસા હોય કે સંસારનું નિર્વાહ ચલાવતા ઉલટો તે કરજના કુંડમાંજ પડયો રહે તો પછી બાળકને શીખવાડવાના કેળવણી રૂપી અમૃતનું અમીપાન કરાવી પ્રગતિના પ્રકાશિત મુખડાના દર્શન કરાવવાના સાધનોજ ક્યાંથી લાવે ? આમ હોય એટલે તે પિતા પોતાના નાના બચ્ચાને નોકરીએ રખાવે ત્યાં પગાર મળે રૂપીઆ પાચ કે દસ અજ્ઞાન અને અભણ છોકરો પછી નોકરી ઉપરજ મંડયો રહે, તેને પ્રગતિની ચિંતાજ ન થાય, તે તો માત્ર મહીને દસ રૂપીઆ ક્યારે મળે તેનીજ વાટ જોતો હોય, તેમાં પણ છોકરો હોય તો તો ઠીક, અને જો નિર્ધન માત પિતાને ત્યાં છોકરી અવતરી તો તો સાતે ભવના પાપ ધોવાઈ ગયા જાણવા—કહો આવા મહિને દસ રૂપીઆ કમાતા બાળકો બીજાને કેમ મદદરૂપ નીવડી શકે ? અરે પોતાનેજ સંભાળવાની શક્તિ જ્યાં ન હોય ત્યાં બીજાને તે વળી શું સંભાળી શકાય ? આવા અભણ બાળકોથી શું કામ કદી પણ સારા ફળો મેળવી શકે ? શું તેવા અજ્ઞાન

બચ્ચાંઓ કદી પણ પોતાની કોમનું હિતાહિત વિચારી શકે ? કે કોમને મદદ કરી શકે ?

દેખકર [1]ઝુલ્ફ ઉન્સે કહેતે હય હવા ખાહાને ઇશ્ક
કયા ઇસી [2]દામનસે દીલકી આગ ભડકાએંગે આપ?

સાત આઠ વર્ષથી વધતા–નોકરી કરી જુજ પેદા કરી હાડમારીમા દિવસો પસાર કરતા તે બાળકે યૌવનના ભયકર અને વિટબણામય માર્ગમા પગ મૂક્યો કે પછી તેની જીદગીનો પણ અત આવી ગયો સમજો કુદરતે મૂકેલી શક્તિઓ કુદરતે મૂકેલા ભાનો તેની દૃષ્ટિ સમક્ષ તરવા માટે છે તે કટકમય યૌવન તે બિચારા મુફલીસ યુવકની જીંદગી માટીમા મેળવી દે છે લગ્ન કરવા માટે પૈસા ક્યાથી લાવે ? અને જો લગ્ન પુરતા પૈસા હોય તો ગરીબ જાણી તેને દીકરીજ કોણ દે ? અને જો એમ ધારો કે દીકરી પણ મળી, અને લગ્ન પણ થયા તો પછી માસીક અમૂક આવકમાંથી તે તેનું અને પોતાની સ્ત્રીનુ ગુજરાન કેમ ચલાવે? આવા પ્રસગોને અગે તે યુવાની કે જે હજારો આફતોને હસ્તા રમતા ટાળી નાખવાની શક્તિ ધરાવે છે, તે શક્તિઓ હણાઇ જાય છે. તેના મન ઉપર વિચિત્ર લાગ-

[1]ઝુલ્ફ:–વળ ખાધેલા સુંવાળા કેશ [2]દામન:–પાલવ.

ણીઓ પ્રગટી નીકળે છે, જેમાં તે બિચારો મુફ્લીસ યુવક ઘેરાય છે. અને વળી જો યૌવનનો પ્રભાવ વધુ પડયો. તો ચોક્કસ માની લ્યો કે તે સરળ માર્ગી યુવક અત્યાચારી અને વ્યભીચારી બનશેજ. અને જ્યારે તે, તે માર્ગ ઉપર મુસાફરી કરવા માંડે છે, એટલે પોતાની કુટેવોને અંગે તેની દાનત બગડે છે, પછી તે પૈસા પેદા કરવાના મોહમા જુગાર રમવા માડે છે. તે પછી હલકા માણસોની સંગતથી તેને દારૂનો સ્વાદ લાગે છે, એટલે જુગાર રમવા અને દારૂ પીવા પૈસા લાવવા કાજે તેને ચોરી કરવાનું મન થાય છે, ચોરી કરતાં વખત આવ્યે તે વ્યક્તિ ખૂન કરવાને પણ ચુકતી નથી. તે જે કાંઇ કરે છે, તે ખોટું કરે છે, એમ સમજવાની તેમાં શક્તિજ હોતી નથી કારણકે તેત્રી વિચારક શક્તિઓના ઉપવનના પુષ્પોને સીંચન કરી પ્રફુલ્લીત બનાવનાર કેળવણી તો તેણે લીધીજ નથી. એટલે પછી વિચાર શક્તિ અને ખરા ખોટાનું ભાન કરાવનારી બાબતો તેના મનમાં ઉતરીજ કેમ શકે ? પછી તો માત્ર દુઃખ, શોક, નિરાશા, ચિંતા, ભુખમરો, અને હાડમારીજ તેની મિત્રાચારી કરે છે.

[1]હઝરતે ગમ દીલ મેરા ઘર આપકા હય આઇએ
પરમંય [2]એસામાં બહોત હું આકે ક્યા [3]પાંયેંગે આપ

---

[1]હઝરતે ગમઃ—દુઃખ શોક. [2]બે સામાં—સગવડ, હીણુ. [3]પાએંગે—મેળવશો.

એટલી હદ સુધી તે વ્યક્તિ આવી. ચોરી-જુગાર-કે ખૂન કરતાં પોલીસ દાદાના હાથમાં જો તે સપડાઇ કે ચાલી નીકળી પાધરી તે તો જેલ જાત્રાએ, જન્મ આપનાર માબાપોએ નામ કમાવ્યું, પૂત્ર વિયોગે માતા ઝુરીઝુરી મરે. અને પિતા જનસમાજમાં મોઢું દેખાડવાને પણ લાયકના ન રહે.

[૪]ખ્રીરાકે ચારને મુર્દા બના દીયાઅયસા
મકાનભી નઝર આયા [૫]મઝારકી સુરત

કહો આ બધું શેનેથી બન્યું ! આ બાબત પ્રત્યે વિચાર કરતાં ઉંડા ઉતરતા જાઓ તો તમને તેનો જવાબ માત્ર એજ મળશે કે, **"કોમના ગરીબ બાળકોનું સત્યાનાશ વાળનાર કોમના ગુન્હેગાર શ્રિમંતોજ છે,"** શ્રિમંતો કોમના ઉછરતા છોડવાઓને જડમૂળથીજ કાપી નાખે છે કે જેથી તે ફળદાયી વૃક્ષ બની કોમને લાભ પહોંચાડતોજ અટકે.

સરસે પહેલે વો [૬]ઝબ્બા કાટલીઆ કરતે હંય
કે. ખુદાસે ન કરે જા કે [૭]શીકાયત મેરી.

ફુટેવો ધારણા કરી ખડબચડા માર્ગોમા અથડાતાં ભવસાગરના ભયંકર ઉછાળા મારતા મોજા

---

[૪]ખ્રીરાક-વિયોગ [૫]મઝાર ઘોર. કબર, [૬]ઝબ્બાં-ઝભ્ભા. [૭]શીકાયત ફરીયાદ

આમાં અહીંથી ત્યાં થપડ ખાતી નૌકાની સ્થિતિ નીહાળી હવે તે બાળકને કીનારે લાવવાના પ્રયત્નો સંબંધે પણ થોડુંક સાંભળો. હવે ફરીને એક બાળકના જન્મથી લઇ તેની છેવટની જીંદગી સુધીનો વિચાર કરો. પ્રથમ કોમે સસ્તા ભાડાની હવા ઉજાસવાળી ચાલીઓ કે બીલ્ડીંગો બાંધવી જોઇએ, તે પછી નિશાળો જેમા પ્રાથમિક કેળવણીથી લઈ ઉચ્ચ કેળવણી પણ વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરી શકે અને તે પછી કોલેજનો ખરચ પણ તેજ નિશાળના સ્થાપકો તરફથી મળે. ટુંકમાં એટલુ કે જ્યા સુધી તે બાળક શીખવા માગે ત્યાં સુધી તેનો ખરચ કોમ આપે. શીખવાના સમયમાં ખાધખોરાકી તો જોઇએજ એટલે તેનો બંદોબસ્ત પણ કોમના શ્રિમંતોજ કરે. અને બોર્ડીંગ હાઉસો તેમજ એવાજ બીજા ખાતાંઓ ખોલવા આગળ પડે કે જેમા તે બાળકો ખાઈ પી શકે અને પોતાનું શિક્ષણ કોઇ પણ જાતની ચિંતા વિના આગળ વધારી શકે, તે ખોરાકમાં પણ માત્ર બાફેલા ચોખા અને ઉકાળેલી દાળનું પાણી નહીં, પણ મગજ ઉપર પડેલા અભ્યાસના બોજાને નભાવી રાખનાર પુષ્ટિકારક પદાર્થોજ તેમને આપવા કે જેથી તેઓ આગળ વધવાનું બળ રહી શકે.

દવાખાનાઓની પણ તે ખાતામા ખાસ જરૂર છે, કે જેથી તેવા બાળકોની માંદગીમાં તેવા દવાખાનાઓ મદદરૂપ નીવડી શકે. વળી તે દવાખાનાઓમા જાહેર પ્રજા પણ લાભ લઈ શકે વળી તેમાં માણસો દવા લેવા આવે તોજ દવા આપવી એવો કઢંગો કાયદો નજ રાખવો, કારણકે કેટલીક બીમારીઓ એવી આવે છે કે ડોકટરોને ઘેર બોલાવવા પડે છે. ધર્માદા દવાખાનાના ડોકટરો ઘેર તો જાય નહીં અને ગરીબ માણસોથી ફી આપી ડોકટરને ઘેર બોલાવાય નહીં એટલે પછી તે બીમારને યમદેવ સાથેજ મિત્રતા કરવી પડે, માટે ઘેર બેઠાં જો ડોકટરની જરૂર હોય તો તે ઘેર પણ જાય એવો બંદોબસ્ત કરવો ઘટે. એવા અનેક દાખલાઓ મારી પાસે હાજર છે, કે જેમાં પૈસાની તંગીને લીધે ગરીબ માણસો ડોકટરને બોલાવી કે દવા લઇ શકતા નથી. પેટંટ દવાઓ લાવવા પૈસા ખરચી શકતા નથી. અને તેથી તે બિચારાઓને કમોતે મરવું પડે છે. માંદગીમાં ડોકટરો હવા પાણી બદલવા ભલામણ કરે પણ પૈસા હોય તો હવા બદલવા જાય કે એમજ નાશી છૂટે ? હવા બદલવા પૈસા ન હોય એટલે મરવા સિવાય બીજા માર્ગો તે બાપડા પાસે ક્યાંથી હોઇ શકે ? એટલે શ્રિમંતોએ આરોગ્યાગ્ય ખાતે પણ એવા મથકો ઉભા કરવા

કે જેથી ગરીબ વર્ગ મફત રહી શકે અને ત્યાં પણ તેમને જોઇતી દરેક મદદો મળી શકે. પૈસાની તગીને લીધે કમોતે મરેલા એક યુવકની કહાણી સાંભળવા માગતા હોવ તો લ્યો સાભળો આજે મનમાં ભરાયલા ઉભરાઓ મારે ખાલીજ કરીનાખવા છે. જે યાદ આવે તે લખીજ નાખવું છે.

દીલમેં આતા હય કે સાકીસે [1] ઇજાઝત લેકર
દીલકો [2] શીશે સે મલું આખકો [3] પયમાનેસે

એક ગૃહસ્થ હતા, જેમની ઉમર લગભગ ચાળીસ વર્ષની હતી. પોતે પરણેલા હતા. અને સાથે એક પૂત્રી તેમજ ત્રણ પુત્રો મળી છ માણસોનું ગુજરાન ચલાવવાનું ભાવીએ તેમના માટે નિર્માણ કર્યું હતું. જેમાંથી એક પૂત્રની ઉમર લગભગ સોળ વર્ષની હતી. બિચારો ગરીબ યુવક નિર્ધન પિતાને ઘેર અવતરી કેળવણી વિનાનો તે બાપડો અભણજ હતો. પિતા નોકરી કરતા હતા. અને મહીને દહાડે રૂપીઆ ૮૦ કમાતા તેમાં સવારથી લઇ બપોરના બે વાગ્યા સુધી અને ત્યારથી તે રાતના એક સુધી પાણીમાં નોકરાઈ

[1] ઇજાઝત—પરવાનગી [2] શીશો—દારૂ રાખવાની બાટલી. [3] પયમાના—પ્યાલું.

રહેવું પડતું. એટલે સંસારીક ચિંતાઓમાં ઘેરાયલા હોવા છતાં તેમને ઘરબારની દરકાર રાખવા જેટલો સમય પણ ન મળતો. છતાં યુવાન પુત્ર પિતાની ખોટ પૂરી પાડતો. પિતા કમાતા રૂપીઆ ૮૦ તેમાંથી રૂપીઆ ૩૦ તો તેઓ ઘરભાડાના આપતા બાકી પચાસમાંથી ૭ માણસોનું ગુજરાન તેઓ કેમ ચલાવતા હશે તે તમે પોતેજ કલ્પી લ્યો. એટલામાં કર્મજોગે યુવાન પૂત્ર માંદો પડયો. એટલે દવાનો એટલો ખરચ વધ્યો. શેઠીઆઓ હજારો કમાતા, પોતે સુખી હતા, એટલે દુઃખી નોકરની વિપત્તિ કયાંથી જણાય ? બે કલાક મોડા નોકરીએ આવે તો એક હજારને એક વાતો તેમને સાભળવી પડે. તેમાં પૈસાની મદદ તો શેઠીઆઓ કરેજ શેના ? તેમા વળી ડોકટરે કહ્યું હવા પાણી બદલવા જવાનું, ચાલો થઇ રહ્યુ. એક નાની આપદામાંથી મોટીમાં સપડાયા, એક તરફ માતા પિતાનું પ્રેમાળ હૈયું. બીજી બાજુએ મરણ પથારીએ પડેલા પૂત્રની ગંભીર વેદનાના અસહ્ય દેખાવો ગરીબ બિચારા માબાપ યુવાન પૂત્રની દયાજનક સ્થિતિ તેઓ કેમ ટાળી શકે ? છેવટે રીબી રીબી તે બાપડો મરણને શરણ થયો. કહો એ યુવક કમોતે મર્યો કે નહિં ? એનું ખૂન કોમના શ્રિમંતોની ગરદન પર છે કે નહિ ? એજ ગરીબીમાં તે ગૃહસ્થના એક તો તે યુવાન પૂત્ર

અને સાથે બીજા બે પૂત્રો મરી ગયા. હાલ હવે માત્ર એક પૂત્રીજ બાકી છે.

આવા આવા અનેક દાખલાઓ હાજર છે, છતા કેટલું લખું અને શું લખું? તેજ સુઝતું નથી. કરૂણાથી ભરેલી અનેક કહાણીઓ વાંચક વર્ગ સમક્ષ રજુ કરવાની ઇચ્છા થાય છે. છતાં લાંબુ થઇ જવાને કારણે જે લખું છું તે પરજ વાંચકો સંતોષ ધરશે એવી આશા છે. જેટલું લખું છું. તે પરજ જો શ્રિમંતો વિચારશે તો એ ઘણું થઇ પડશે. હાલ તો માત્ર એટલુંજ લખવા દો કે,

[1]બેખુદી હય વસ્લમેં ~~યા~~ ~~આર્ક~~ ~~હય~~ તેરી [2]હયા
દેખતા સબ કુછ હું લેકીન [3]સુજતા કુછભી નહીં.

આપણે દવાખાનાઓ સુધી આવ્યા. હવે હોસ્પીટલો તરફ વળીએ. કોમમાં હોસ્પીટલો અને સુવાવડખાનાઓની એટલી તો અછત છે કે જેની વાતજ નહિં. તેવા ખાતાઓની પણ ખાસ આવશ્યકતા છે, કે જેમાં ગરીબ સ્ત્રીઓ પર દેખરેખ રાખી શકાય. તેમને ખોરાક અચ્છી રીતે આપી શકાય. તેમજ તેના બાળકને તેમજ તેનું સારી રીતે જતન થાય. અને હોસ્પીટલો એટલા

[1]બેખુદીઃ—બેભાન વસ્થા [2]હયાઃ—શરમ. [3]સુજતા સુજવું, યાદ આવવું.

માટે કે કેટલીક બીમારીઓ એવી હોય છે, જેમા ઓપરેશન કરવાથીજ તે બીમારીઓ ટળી શકે છે. ગરીબ માણસો ઓપરેશન કરાવવા જાય તો સેંકડો ખરચાઈ જાય. સેંકડો ઠેકાણે દશના પણ વાંધા એટલે કહો ઓપરેશન વિના તેને મરવું પડે કે નહિ ? માટે હોસ્પીટલોમા તેવી મદદો મફત થઇ શકે તેવો બંદોબસ્ત કરવો.

શીખી ભણી મોટા થાય અને હુન્નરકળા શીખવા માગતા વિદ્યાર્થીઓને તે શીખવવા પણ સહાય કરવાની જરૂર જણાય છે અને તે વિદ્યા માટે જો તેઓ પરદેશ જવા માગતા હોય તો ત્યા પણ મોકલવા. વળી એક ફંડ એવું જોઇએ કે જેમાં ગરીબ વર્ગના પુત્ર પુત્રીઓને પરણાવાનો ખરચ કે ધંધા માટે મદદ આપી શકાય અથવા નોકરી ધંધા ઉપર લગાવી જોઇતી આર્થીક સહાય પણ કરી શકાય કિંતુ કોમ જો એ બાબતો પ્રત્યે લેશ માત્ર પણ ધ્યાન આપશે તો હું મારો શ્રમ સફળ માનીશ.

આજ સુધી કોમમા સખાવતો નથી થઈ એમ નથી, સખાવતો થઇ છે પણ ઉંડી રીતે તપાસતાં તે સખાવતો નહીં પણ માત્ર નામ ખાતર કરેલું દાન આપણે ગણી શકીએ. એક ઓરફનેજના અનાથ બાળકોની સ્થિતિ મે જોઇ તો મને જણાયુ કે તે અનાથાશ્રમના સંચાલકો,

કિંવા સખાવત કરનાર ગૃહસ્થ માત્ર પોતાના નામનું પાટીયુંજ તે અનાથાશ્રમ ઉપર લટકેલું જોવા માગતા હોય એમ ખુલ્લું જણાયું. બાળકોને ખાવા પિવાનો બંદોબસ્ત ન મળે, અરે તે માબાપ વિનાના બાળકોના અંગ ઉપર પુરતાં વસ્ત્રો પણ ન મળે અને જે વસ્ત્રો હતાં તેમાં પણ કેટલાકોએ થીંગડાં માર્યાં હતાં, તો કેટલાકોના કપડાંમાં ઉભા ચીરા દેખાતા હતા. છોકરાઓ શીખવા જાય છે કે નહિં તેની પણ ત્યાં દરકાર ન રહેતી, જે શિક્ષક ત્યા રાખવામાં આવ્યા હતા. તે તો તે અનાથાશ્રમમાંથી પુરતો લાભ મેળવતા કારણકે શિક્ષક બિચારા બાળકો કરતાં મોટા અનાથ હતા. એટલે તેમના હકો તો સૌથી પહેલાં પછી બાળકો તો હવે સમજ્યા કહો એવા ખાતાઓ કોમનું શું કલ્યાણ કરી શકે ?

કેટલીક જગ્યાએ ઉપર કહ્યા મુજબનો બંદોબસ્ત તો વળી કેટલીક જગ્યાએ આવા ખાતાઓ ખોલી જાણે માથે પડેલી બલાજ શ્રિમંતોએ ટાળી હોય એમ તે પ્રત્યે લેશ માત્ર પણ ધ્યાન નથી આપતા, તેમની આવી વર્તણુંકથી તે ખાતાને તેઓ કેટલું નુકશાન પહોંચાડે છે, તેની તેમને લેશ માત્ર પણ દરકાર નહોય એમ જણાય છે. તેવા બેદરકાર

સ્થાપકોના હાથે સ્થપાએલા એક અનાથાશ્રમમાં કમોતે મરી ગએલા એક યુવકની કહાણી પણ તમે હવે સાંભળી લ્યો.

એક અનાથાશ્રમમાં એક દિવસે એક છોકરો બીડી પી રહ્યો હતો. તે નાની વયના છોકરાને બીડી પીતો જોઇ એક યુવાન વિદ્યાર્થીએ તેને ઓરફનેજમાં બીડી પીવા ના પાડી અને કહ્યું. "ભાઇ આટલી નાની વયમાં બીડી પીશે તો આગળ જતાં તનેજ હાની પુગશે માટે એ વ્યસન તું મૂકી દે." પેલા યુવકના બીડી પીવા માટે ના પાડતા બીડી પીનાર છોકરો તે અનાથાશ્રમના સુપ્રિન્ટેંડટ પાસે ગયો અને મીઠું ભભરાવી ફરીયાદ કરી. સુપ્રિન્ટેડંટ સાહેબે પેલાની ફરીયાદ સાંભળી, ના પાડનાર યુવકને બોલાવ્યો અને પુછ્યું. "તેં શા માટે આ છોકરાને બીડી પીવા નાપાડી ?"

પેલા છોકરાએ ઉત્તર વાળતાં જણાવ્યું, "સાહેબ મેં કાંઇ શત્રુભાવે એને પીવા ના પાડી ન્હોતી, પણ આ દુર્વ્યસનને મૂકી દેવા પ્રેમપૂર્વક બંધુભાવે જણાવ્યું હતું"

બીડી પીવા માટે ના પાડનારની વાતનો અસ્વીકાર કરતાં પેલા સત્તાધિકારી સુપ્રિન્ટેંડંટ સાહેબે તો બધી પોતાનીજ ચલાવી. તે બીડી પીતો હતો તે માટે ના પાડવાની પેલા યુવકને

જરા પણ સત્તા ન્હોતી, એમ જણાવતાં પેલા અનાથાશ્રમના મહારાજા સાહેબે તો તે ગરીબ યુવકને દેશ પારની સજા ફરમાવી એટલે કે ઓર્ફનેજમાંથી કાઢી મૂકયો પેલા યુવકને ઓર્ફનેજમાંથી કાઢી મૂકવાની વાત સંચાલકોના કાન સુધી પહોંચવા પણ ન પામી એ તો સુપ્રિન્ટેન્ડંટ સાહેબે જે હુકમ કર્યો તેજ ખરૂ, આ પ્રમાણે નોકરશાહીનો ભોગ, પેલો બાપડો ઉચ્ચ કેળવણી લેતો યુવક જોહુકમીને અંગે મરાઇ ગયો.

ઓર્ફનેજમાં ખાવા પીવાની ચિંતા તે યુવકને રાખવી ન પડતી તેથી તે પોતાનો અભ્યાસ નિશ્ચિતતાથી આગળ વધાર્યેજ જતો હતો, પણ ઓર્ફનેજમાંથી નીકળી એક તરફ મેટ્રીકની પરીક્ષા માટે કરવી પડતી મહેનત અને બીજી બાજુએ ખાવા પીવાની ચિંતા એ બે ભયંકર ચિંતાઓમાં ઘેરાયલો પેલો નિર્દોષ પોતાના સગાઓ પાસે ગયો. પણ તમે એટલું તો ધારી શકો છો કે જો તે શ્રિમંત સગા વ્હાલા ધરાવતો હોત તો અનાથાશ્રમમાં શા માટે આવત? અને જો કદાચ તેના સગા સંબંધીઓ શ્રીમંતો હોત એમ થોડીવાર માટે માની લ્યો, તો એ આજકાલ સગા વ્હાલાઓ પણ કેવા કામ આવે છે, તે તો કોઇ

શ્રિમંત સગાઓથી પજવાયલાને પૂછી જુઓ, ટુંકમાં એટલું કે.

અમીર અબ દુસરેકો હુરિજહાંમેં કયા, તવક્કો હોઃ–
બરાદર કોન આયા રહેમ મુસુફ્સે બરાદર પર.

પેલા નિરાધાર–માબાપ વિનાના પારકાને આસરે પડેલા યુવકના સગા વ્હાલાઓ પણ ગરીબ હોવાને કારણે તે ગરીબડાને ક્યાંએ આસરો ન મળી શક્યો, અને તેથી જગતના કડવા અનુભવમાં ન આવેલા પેલા બિચારાના મગજ ઉપર આવી પડેલા એક ભયંકર અને પ્રાણઘાતક બોજાને અંગે તે બેદરકાર શ્રિમંતોનો ભોગ સૂકાતો ચાલ્યો. અને ભૂખની વેદનાથી છેવટે તે માંદો પડયો. અભ્યાસ તો પોતાને ઠેકાણેજ રહ્યો, તે બીમારીમાં પણ દવા દારૂ માટે પૈસાના વાંધા પડયા, એટલે ઔષધ વિના બોજા કોમને મોટી મોટી આશાઓ આપતો તે નિર્દોષ ન્યુમો નિયામા પટકાઇ પડયો. અને તે પ્રાણઘાતક બીમારીએ તે યુવકના પ્રાણ હર્યાં. થોડાજ સમયની હાડમારી અને રખડપટ્ટી અનુભવી–જગતની પ્રપંચ જાળમાંથી મુક્તિ મેળવવા તે નિર્દોષ પંખેરૂ ઉડી ગયું.

જરા જઈને કોઇ તે યુવકના દુઃખવાયલા આત્માને પૂછો કે જીંદગીના કડવા દિવસો તેણે

કેમ ગાળ્યાં ? અરેરે કોમના શ્રિમંતો ક્યાંથી જાણી શકે કે તે યુવક કોમ માટે એક ફળદાયી વૃક્ષ હતું જે વૃક્ષ ફળ આપે તે અગાઉ તો કોમના ખૂની શ્રિમંતોએ તેને જડમૂળથી ઉખેડી ફેંકી દીધો.

*　　*　　*

નાયકાઓ પાછળ કંચનીઓ પાછળ લાખો રૂપીઆ ખરચી નાખતા અને કોઇ કોઇવાર તો પ્રાણ પણ ખોહી દેનારા શ્રીમંતોને કદી કોમને વિચાર આવ્યો છે ? આપણે અત્યાર આગમજ ઘણા ઘણા એવા દાખલાઓ અનુભવી શક્યા હઇશું, જેમાં શ્રિમંતોએ એક સાધારણ–પોતાના શીયળને ચૌટે ચૌટે વેચનારી વેશ્યા માટે પ્રાણને પણ પ્યારા નથી ગણ્યા. જે લોકો વર્તમાન પત્રો વાંચતા હશે તેઓ આ બાબતો અચ્છી રીતે જાણતા હશે. અને જેઓ ન વાંચતા હશે તેઓથી પણ આવી બાબતો કદી છાનીજ ન રહી શકે, કારણકે કમોતે મરનાર શ્રિમંત શેઠનું મંગળાચરણ તે કાંઇ છાનું રહી શકે ખરૂં ? એક તો વેશ્યાના મોહપાસમાં ઘેરાઇ લાખો રૂપીઆ બરબાદ કરવા–અને તેમાં પોતાના પ્રાણનું બળી ચઢાવી કોમમાં અને સમાજમાં પોતાની ઇજ્જતને સસ્તા ભાવે વેચી નાંખવું–છાપાવાળા-ઓને મોટા મોટા અક્ષરે પોતાની બદનામીના

ગીતડાં ગાવા પ્રસંગ આપવો તે કરતાં તો કોમના એક બાળકને જો તેવા નીચ પ્રકૃતિના શેઠીઆઓ મદદ કરે, તો આહા! કેવું તેમનું જીવન સ્વર્ગીય બને? ગરીબ બાળકના દીલમાં તે શ્રીમંત ઘર કરી બેસે, અને પોતાની પ્રાર્થનામા જો તે અનાથ બાળક તે શેઠનું ભલું ઇચ્છે તો જરૂર જરૂર કલ્યાણ થઈ જાય. ઘેરમાં અર્ધાંગના હોવા છતાં પર સ્ત્રીની વીષમ પ્રીતમાં મન રોકી રાખ નારા કામી શેઠીઆઓ જરા તો ચેતો!!!

એક વખત મારા એક મિત્રે જલસો કર્યો, તેમને ત્યાં લગ્ન હતા એટલે બીજા મિત્રોને પણ આમંત્રણ હતું. મીજલસના ટાઇમે હુ પણ ગયો. પરોણાઓ પણ બીરાજ્યા. મારા સભાપતિ મિત્ર પરોણાઓની આગતા સ્વાગતા કરવામા રોકાયા હતા. માણસો પણ ખાસ ખાસ નોતરવામા આવ્યા હતા, એટલે પરોણાઓની સંખ્યા વધુ ન્હોતી, જેમાં સૌથી મોખરે એક કિન્નરી પોતાના તબલા સારંગીવાળા શસ્ત્રધારી સૈનિકો સાથે મોરચો સંભાળી રહી હતી. અને થોડીવારમાં તો તેણે પોતાના કંઠ રૂપી બંદુકમાંથી શબ્દો રૂપી ગોળીઓ છોડવા માંડી એટલે કે ગાવાનું શરૂ કર્યું. થોડીવાર પછી તે સભામા એક ખોજા યુવક પધાર્યા. હતા શ્રિમંતના પૂત્ર એટલે દારૂ પીનેજ આવ્યા હતા. ઢાંઢીઆ ભૂમી પર ઠરી

શકતા ન્હોતા એટલે મોટરમાંથી ઉતરતાંજ મંડ-
પમાં આવી બીરાજ્યા. પેલી વેશ્યાનું ગાવાનું
તો ચાલુજ હતું, સાથે અતિશ્યોક્તિ ભરેલી અભી
નય કળાની જાણકાર પેલી કંચની શબ્દે શબ્દ
પર અભીનયના આદર્શ નમુનાઓ ખડા કરતી,
જે હાવભાવ અને કટાક્ષમાં તે શ્રિમંત લુબ્ધ
થયો, બીજાઓના મોઢામા પાણી છુટતું ન્હોતું
એમ નથી બીજાઓ પણ જરા ગાંડા તો થયા
હતા, તેમાં કાંઇ અજબ થવા જેવું ન્હોતું. ખરે
ખર પેલી વેશ્યાએ ઉચી જાતના રેશમી કાપડની
સાડીનો અંગીકાર કર્યો હતો. એટલે માત્ર કપ-
ડાનાં સૌંદર્ય પાછળ મરી ફીટનારાઓને આતરીક
સૌંદર્ય તપાસવાની લેશ માત્ર પણ ફુરસદ ન્હોતી.
ચાલો...એ તો હોયજ. મધપૂડો હોય ત્યાં માખો
તો ગણગણેજ ગળીયું ગળીયું હોય તો ત્યાં
કીડીઓના આંટા ફેરા ચાલુજ હોય, પણ અજા-
યબી તો એ હતી, કે "એક લયલી અને સાઠા-
સાત મજનુ "નો ત્યા હીસાબ હતો. પેલી કિન્નરી
એક, અને ચાહનારા ઘણા

[1]ખરાબે ઇશ્ક લાખોં તાકમેં હંય [2]ચશ્મે સાકીકી
ઝમાને કે શરાબી આ ગીરે હંય એક [3]સાગર પર

[1]ખરાબે ઇશ્કઃ—પ્રેમમાં બરબાદ થયેલા
[2]ચશ્મે સાકીઃ—સાકીની આંખ [3]સાગરઃ—પ્યાલું

જાણે તેવી રીતનો હીસાબ ત્યા પણ જણાતો છતાં, તે દારૂડીઓ યુવકતો વધુ આગળ વધી ચુકયો હતો. વેશ્યાએ જોયું કે ભાઈ તો બન્યા ગાંડા એટલે ગાંડપણને વધુ મજબુત બનાવવા તેણે હાસ્યના બાણો ફેંકવા માંડયા. તેનું પરિણામ શું આવ્યું? નોટોનું એક બંડલ તે વેશ્યાના પગ આગળ જઇ પડયું. અને જ્યારે જલસો ખલાસ થયો ત્યારે તે આધળો યુવક પેલી વેશ્યાને પોતાનીજ મોટરમાં બેસાડી ચાલતો થયો. જો કે તેણે બેઠેલા બીજાઓ સામે આ અકૃત્ય કૃત્ય ન કર્યું, પણ પોતાની મોટર પ્રથમથીજ બહાર ઉભી રખાવી-હાંકનારને સુચનાઓ આપી કૃત્યકૃત્ય થયા. તે પછી તેણે પેલી વેશ્યા પાછળ કેટલા રૂપીઆ બરબાદ કર્યા હશે, તે તો રામ જાણે.

આ પ્રમાણે પૈસાનો ધુમાડો કરતાં લેશ માત્ર પણ પાછી પાની ન કરનારા મદાંધ અને કોમના ગુન્હેગારો પોતાની મોજશોખ માટે રૂપીઆ ખરચવામાં કશી પણ કચાશ રાખતા નથી. પણ અફસોસ કોમી લાભો-ગરીબોનું કલ્યાણ, અનાથોનું પોષણ, વિધવાઓનું નિર્વાહ ભલા-ના બંદોબસ્ત કરવા માટે તે વજ્ર હૃદય ધરાવતા શેઠીઆઓ જરા પણ વિચાર નથી કરતા,-કોમી બાળકોના અવયવો કોમના શ્રિમં-

તોએ કાપી નાખ્યા છે. ધડ એક તરફ, તો માથું બીજી તરફ, હાથ પગો કયાક તો ટુકડા થઇ ગએલા અવયવો કયા.

કહી [1]સરહ્ય કહી [2]સીના, કહી [3]બાજુ, કહી [4]ઝાનુ,
હમારી લાશ અય કાતીલ નહી [5]તસ્હીર કે કાબીલ

આવા મદમા ભાન ભૂલેલા શેઠીઆઓ, વૈભવ વિલાસી શ્રિમતો, પત્થર જેવું અંતઃકરણ ધરાવનારા ધનાઢયોની મદ પડેલી બુદ્ધિને દીન બંધુઓની દાઝ દીલે ધરવા, સકળ સૃષ્ટિના પાલનહાર હવે તો તુંજ જગાવ.

* * * * *

કોમના નિર્ધન બાળકોની ઝાંખી કરી હવે તપાસો જરા કોમની નિર્ધન બાળકીઓની સ્થિતિ પૂત્રીઓ એટલે ઘરનો શણગાર, સંસારનું સુકાન, ઘર ચલાવનાર બેટી, એટલે પ્રથમ શરૂઆતમા તેમને ઘરસંસારી કેળવણી આપવાની આવશ્યકતા આપણને જણાય છે. પણ જેને આપણે સંસાર કહી શકીએ તે તો ગરીબ વર્ગને ત્યા હોયજ નહિં, એટલે સંસારથી અજ્ઞાન, સંસારી કેળવણી રહિત પૂત્રી આગળ જતા પોતાના સંસારને કેમ નભાવી શકે? સંસારી કેળવણીમાં રાંધણકળા એ

[1] સર—માથું. [2] સીના—છાતી, [3] બાજુ:—હાથ. [4] ઝાનુ:—પગ. [5] તસ્હીર:—[illegible]

મૂળ વસ્તુ છે. પણ જે ઘરમાં અગ્નિજ ન સળગાવવામાં આવે તે ઘરમાં રાંધણકળા તે કેવી શીખાય? ભરત ગુંથણ જેવી વસ્તુજ જે ઘરમાં ન હોય તો ભરવા ગુંથવાનુ કેમ શીખે? આમ હોય એટલે કામકાજ વિનાની ગરીબ માબા પોતની તે પૂત્રી માત્ર આળસુ જીવન ગાળે, શરૂઆતથીજ તેના સંસ્કારો હલકાજ હોય. હલકા, અભણ, અને આળસુ વર્ગમાં ઉછરી મોટી થએલી પુત્રી સંસાર શું કે નીતી શું તે કયાથી સમજી શકે? એક તો સ્ત્રી કેળવણીની અછત, કોઇપણ વિદ્યાથી અંજાણ અને સંસારીક કેળવણીથી અપરિચિત પુત્રી મોટી થઇ અને તેને ભૂખે મરતા માબાપોએ પરણાવી તેના કંથજી મહિને કમાતા હોય રૂપીઆ ૩૦ તેમાજ તેમનું ગુજરાન ચાલતું હોય તેમાં જો એ ત્રીસ રૂપીઆ લાવનાર ભરથાર કાળનો શીકાર થઈ પડ્યો, તો પછી તે બાળાને ખવરાવનાર કે તેનો ખરચ ઉપાડનાર કોણ? જાતે અબળા એટલે કાંઈ કામ પણ ન થઇ શકે. ભણેલી નહિં એટલે નોકરી મેળવવાના પણ વાંધા. ભરત ગુંથણ કે સીવતા આવડે નહીં એટલે પારકા કપડાં સીવીને પણ ગુજરાન ચલાવવા તે બાળા છેક અશક્ત. સ્ત્રી જાત કુદરતી કોમળ તો હોય છેજ. એટલે તે બાળા મજુરી તો કરીજ ન શકે? તેવા સંજો-

ગોમાં તે ભૂખે મરતી બાળા શું કરે ? પેટ તો ભરવુંજ જોઇએ. ઘરવાળાને ઘરભાડું તો આપવુંજ જોઇએ. પહેરવા માટે કપડા તો ખાસ જોઇએ. તે ઉપરાંત સંસારના અનેક રાફડાઓમાથી થોડા ઘણાની તો જરૂરત હોયજ, છતાં તે બધું લાવવા પેસા ન હોય, અને તે બાળા કંગાળ જીવન ગાળતી હોય, તેવા પ્રસંગોમા તેને જો કોઇ લંપટ સ્ત્રીથી ભેટો થયો, અને ભૂખમરો ભોગવતી તે નિર્દોષ, જગતના પ્રપંચથી અજ્ઞાન કુન્યાના" કાવા દાવા અને છળકપટથી અંજાણુ બાળાને જો પૈસાની લાલચ લાગી તો પછી નીતીવાન કેમ રહી શકે ? મન પછી ડામાડોળ થવા માંડે અને છેવટે અત્યાચારી યુવકોની શીકાર જાળમાં તે ભોળી હરિણી સપડાઈ પોતાના અમૂલ્ય શીયળને ભૂખમરાને અંગે સસ્તામાં વેચી નાખે. અને એકવાર જો તે બાળા તે રસ્તા ઉપર ઉતરી તો પછી અંત સૂધી કદી તે સુધરી શકેજ નહિં કહો તેવી બાળાઓને વ્યભિચારનો ધંધો શીખવાડનાર કોણુ ?...કોમના મદાંધ શ્રિમંતોજ.

અનિતિને પોષી રહેલી તે બાળા પોતે બગડયા પછી બીજી અનેક બાળાઓનો ભવ બગાડે એમાં શું લેશ માત્ર પણુ શંકા છે ? પોતે તો ડુબીજ મુઇ છે ત્યારે બીજાને પણુ શા માટે સાથે ન [illegible]? [illegible]

હમ તો ડૂબે હે સનમ તુમકો ભી લે ડુબેંગે.

તે અત્યાચારી બાળા પાછી સ્વતંત્ર થઇ જાય. અને ધીમે ધીમે ગૃહસ્થાઇના સ્વચ્છ છાંયડા હેઠળ રહી તે પર પાડોશીની વહૂ દીકરીઓ ઉપર પણ એકાદ બે દાવ અજમાવે પણ તો જેમ વાઘના બચ્ચાને લોહીની મજાહ મળતાં, તે લોહી પીવા માટે તલપાપડ થઈ રહી પ્રસંગ મળતાં બેચારને ચીરી ફાડી પોતે તૃપ્ત થાય છે, તેમ તે બાળાને પણ એ પાપની ખોટી મજાહ મળે છે, ત્યારે કહો હવે તે એક અનિતિવાન બાળા કેટલી કુમારીકાઓનું ભવ બગાડી શકવા સમર્થવાન છે? આવી અનિતિ તે જગતના કાવાદાવા, ઉંચનીચ, અને પ્રપંચથી અજ્ઞાન બાળાને શીખવનાર કોણ? ગરીબાઇ અને પેટનો ખાડો આ પાપી પેટનો ખાડો પૂરવા કોઇ પણ વ્યક્તિ ગમે તે અત્યાચાર, જુલ્મ, કે ખોટું કરવા ચૂકતી નથી. આ પ્રમાણે પ્રત્યેક કોમના શ્રિમંતોના આખ વિચામણુને અંગે કોમમા અનિતિ ફેલાય જે અનિતિની દુર્ગંધ પ્રસરાતી પ્રસરાતી કોમના ઉચ્ચ વર્ગ સુધી પહોંચે એ શું સંભવીત નથી? આમ હોય એટલે હલકા વર્ગથી વધીને અનિતિબાઇ ઉચ્ચ ઘરોમાં પણ પ્રવેશી શકે, ચોમેર અનિતિ ફેલાય એટલે કોમમાં એ અનિતિબાઈનુજ સામ્રાજ્ય હોય.

આટલા દાખલાઓ દર્શાવ્યા પછી જે કામ કરવા માટે પ્રેરાયો છું, તે આટોપી લઇ ફરજ રૂપી બોજામાંથી મુક્ત થઇ જાઉં, જે ફરજ હિંદના વીર–સખાવતી નૌકાના સુકાની, અને ગરીબોની દાઝ દીલે ધરાવનાર શેઠ કરીમભાઇનું જીવન ચરિત્ર છે. જે ફરજમાથી મૂક્તિ મેળવવાનું ભાન કરાવનાર સકળ સૃષ્ટિના પાલનહાર પરમ કૃપાળુ પરમાત્માનો અપાર આભાર થયો. જીંદગીના ચાલતા શ્વાસો ઉપયોગી કેમ નીવડે તેજ માત્ર મનુષ્યે વિચારવાનું છે, સાકીના અણ-ઉપયોગી શ્વાસોનો લાભ પોતાની ફરજ બજાવતાં જે લેવાયો તે થોડોજ છે.

સાકીયા દેખી મયે રૂહે પીઝા થોડીસી,
બે વફા ઉમ્ર કરે ઔર વફા થોડીસી.

ગરીબોને મદદ કરનાર, અનાથોની દાઝ દીલે ધરનાર લાચારોને સ્હાય આપનાર તે હતો કે જે હિંદની ભૂમી ઉપરજ નહિ, પણ પૂર્વ તેમજ પશ્ચિમમાં સર કરીમભાઇ ઇબ્રાહીમના નામે પ્રખ્યાત થયો. શરૂઆતમાં હિંદને પોતાના નામની લગની લગાડી પાછળથી તેના ગુણોને યાદ કરી રડવા કોમને ટવળતી મૂકીને ગયો, પર લોકવાસી થયો. હા......ખરો સપૂત. ખરો હિંદી, દીનોની દાઝ દીલે ધરનાર તે વીરલાના

દયાળુ હૃદયમાં સખાવતના ઝરણા નિરંતર ઝરતા, તે કરીમ હતો, કરમ કરી ગયો; તે શ્રિમંત હતો પૈસાનો સદ્ઉપયોગ કરી બીજા શ્રિમંતોને પોતાના અનુયાયી બનવા, પોતાને પગલે ચાલવાના અમોમાં પાઠો ભણાવતો સ્વર્ગે સીધાર્યો.

ઝરીને પ્રેમથી ઝરણા દયાના તે ગયો હીરો,
વિખૂટો થઇ સીધાર્યો સ્વર્ગમાં તે હિંદનો વીરો.
અમારા અંતરો તું ધૈર્યથી ઇશ્વર ભરી દેજે,
અમારી દાદ લેનારા ફરી પેદા કરી દેજે.

## શેઠ ઇબ્રાહીમભાઈ પબાની.

સૂર્યે સૃષ્ટિની સપાટી ઉપર પોતાનું મુખડું દેખાડ્યું. ઉષા કાળના આનંદમય વાયુ સાથે તેના રૂપેરી કીરણો થકી અખીલ સૃષ્ટિ લાભ લે છે. તે સૃષ્ટિનો સૂર્ય ગણાય છે. હિંદનો સૂર્ય કચ્છ માંડવીમાં ઉગ્યો–ઉગ્યો અને આથમી ગયો. સૃષ્ટિનો સૂર્ય આથમી જતા પોતાના કીરણો અને પ્રકાશ સાથે લઇ જાય છે હિંદનો સૂર્ય આથમી ગયા પછી પણ પોતાના કીરણો લાભ લેવા મૂકી ગયો. તે ઇબ્રાહીમ હતો, કચ્છ માંડવીમાં અરૂણોદય થતાં ધીમે ધીમે પણ પ્રબળતાથી તેણે પોતાના કીરણો ફેંકવા માંડ્યા, અને છેવટ મૃત્યુમાં તેણે અમરતા મેળવી.

ઇબ્રાહીમભાઇ પત્રાની સર કરીમભાઇના પિતાશ્રી કચ્છ માંડવીમાં જન્મ્યા હતા, જન્મ તો બધા લે છે, પણ મુબારક છે તે જીંદગી કે જે કોમ અને દેશને કામ આવે મુબારક છે તે ઉત્પત્તી કે જે વંશ પરંપરા સખાવતના ઝરણા-ઓનો સ્ફોટ કરાવતી રહે. એવી અમુલ્ય જીંદગી કરીમભાઇના કરૂણાળુ પિતા ઇબ્રાહીમ શેઠે મેળવી હતી. ઇબ્રાહીમભાઇ કચ્છ માંડવી ખાતે વહાણ વટું કરતા. તેમના વહાણો વેપાર ઉદ્યોગમાં મદદ રૂપ નીવડ્યા ઇ૦ સં૦ ૧૮૦૦ ની સાલમાં કે તેથી પણ અગાઉ સ્ટીમરો કરતાં વહાંણોનો વધુ ઉપયોગ થતો એ વ્હાણવટું કરનારાઓમાં અગ્ર-પદ ઇબ્રાહીમભાઇ ધરાવતા કચ્છ જેમ હાલ થોડાક સુધારા ઉપર આવ્યો છે, તેમ અગાઉ કચ્છનાં વતની જડ પ્રકૃતિના અજ્ઞાન હતા. પોતાના હિતાહિતનો વિચાર અજ્ઞાન માણસો બહુ ઓછો કરે છે. કચ્છમાં વ્હાણવટું કરનારા પણ તેવીજ પ્રકૃતિના હતા, છતાં માતાના ઉદર-માંથી વિદ્વતાની સુગંધ ફેંકતો જન્મનાર ઇબ્રાહીમ શેઠે માત્ર વ્હાણવટું કરવા ઉપરજ ન બેસતા વેપાર ઉદ્યોગમાં ઝુંપલાવ્યું. અને થોડાજ સમયમાં ઇબ્રાહીમ શેઠના વ્હાણો, અરેબીયા, અને ઝાંઝીબાર સુધી પુગી વળ્યા, અને એ મોટા એ બંદરો સાથે

માડવીના તે અડંગ વેપારીએ વેપાર સંબંધ સાધ્યો. તેમના ત્રણ પૂત્રોમા સૌથી વડા પૂત્ર લધાભાઇ હતા. તેઓથી નાના દાતુભાઇ અને સર્વેથી નાના પૂત્ર આપણા કરીમભાઈ જનમ્યા. તા. ૧૮ મી નવેમ્બર ૧૮૪૦ ના પ્રભાત કાળે રવિરાજે ઉગતાજ વધાઇના કીરણો પ્રસરાવ્યા. કારણકે વેપારી પિતાનો વેપારી પૂત્ર કરીમભાઇ તેજ દહાડે જનમ્યો. સપૂતના પગ પારણામા પરખાય એ કહેવતાનુસાર નવેમ્બર માસની ૧૮ મીએ ઇબ્રાહીમનો સપૂત જનમ્યો. કરીમભાઇજ નહી જનમ્યા પણ વેપારે પૂનઃર્જન્મ લીધો. દયા જન્મી સખાવત અવતરી કૃપા પેદા થઇ એ બધા ગુણોને તે સાથેજ લેતો આવ્યો. કારણ કે તે નામે કરીમ હતો કોમ ઉપર કરમ કરનારની શોધમા રહેતાઓ કહેતા કે,

ફંસ ગઇ હય કોમકી [1]કીસ્તી [2]ભંવરમેં ખૈર હો,
[illegible] હોરહે હે ઔર [3]ના ખુદા મીલ્તા નહી.

પણ તે વાત ટળી ગઇ તે દિવસ ભાગ્યશાળી હતો જે દિવસે કરીમભાઇ અવતર્યા, અવતર્યા અને ઉપરોક્ત કડીમાં પણ ફેરફાર થયો.

---

* [1]કીસ્તી. નૌકા. [2]ભંવરઃ—વંટોળીયું. [3]ના ખુદા—નાવિક અથવા કપ્તાન.

કૌન કહેતા હય કે *ઢુંગ્રે મુદ્દઆ મીલ્તા નહીં
ઢુંઢને વાલા જો કોઇ હો તો કયા મીલ્તા નહીં ?

શેઠ કરીમભાઈ બાલ્યાવસ્થામાં કચ્છ પ્રદેશને અનુસરતી પૂરતી કેળવણી પ્રાપ્ત કરી હજી તો યૌવનના વીટંબણામય માર્ગના ઉંબર ઉપર પગ મૂકે તે અગાઉ તો, એટલે સોળ વર્ષની કાચી વયે ઇબ્રાહીમભાઇ પોતાના તે સપૂતને વિયોગમાં મૂકી ઈ. સ. ૧૮૫૭ની સાલમાં પરલોક વસાવવા ગયા. કરીમભાઇએ સોળ વર્ષની ઉમરમાં પિતાનો છાંયડો ખોયો. છતાં પિતાની કિર્તિ જાળવી રાખી કેસરીના બાળકો પણ કેસરીજ હોય છે. તેમ વેપારી પિતાના વેપારી પૂત્રે પિતાનો ધંધો ચાલુજ રાખ્યો. અને ઝાંઝીબાર તેમજ અરેબીયાના બંદરોથી લઇ પૂર્વ વિભાગ જીતી લેવા હિંમ્મત બાંધી ચાલ્યો. અને થોડાજ સમય પછી હેંગકોંગ, શેંધાઇ, કોબી, સીંગાપૂર અને કલકત્તા ખાતે પેઢીઓ સ્થાપી. અફીણ, રૂ, સૂતર, રેશમ આ અને બીજી એવી અનેક વસ્તુઓનો વેપાર ચાલુ કરી મુંબઇ અને તે બંદરોને જોડાણી આગળ વધ્યો.

* ઢુંઢે મુદ્દઆ—આશાનું કિંમતી પત્થર.

વેપારમાં પ્રવિણ શેઠ કરીમભાઈએ આટલા વેપારો હાથ કર્યા પછી મીલ ઉદ્યોગમાં પણ પડયા. મીલ ઉદ્યોગમાં શેઠ કરીમભાઈને હિંદનું ઉજળું ભવિષ્ય દેખાયું, અને પોતાના દેશ તેમજ દેશી ઓને કાપડ તેમજ સુતર થકી સહાય કરવાનું મન પર લેતાં પ્રથમ "પ્રિન્સ ઓફ વેલ્સ" નામની મીલ ( જે તે વેળાએ ચાલુ હતી. )ની એજન્સી લીધી. અને ઈ. સ. ૧૮૮૮ની સાલમાં પોતાનાજ નામે તે મીલ ચાલુ કરતાં, મીલ ઉદ્યોગને આગળ વધારનાર કરીમભાઈએ "કરીમભાઈ મીલ્સ" સ્થાપી. માત્ર એકજ મીલની એજન્સી લઈ અટકી ન બેરતાં ધીરજથી પણ મક્કમતા પૂર્વક તેમણે એ ઉદ્યોગ આગળ વધાર્યો એમ કહો કે મીલ ઉદ્યોગને જન્મ આપ્યો અને એક પછી બીજી મીલ ઉભી કરતાં કાપડ અને સુતરના વેપારના તેઓ શાહ થઈ બેઠા.

ધીમે ધીમે આગળ વધતાં અને પોતાનું પ્રકાશ જગતને દેખાડતાં છેવટે તે ઘડી આવી પૂગી કે જેમાં હિંદનો આ વીર વેપારી સરકારનો પણ માનીતો થઈ પડયો. અને ૬૫ વર્ષની ઉમરમાં એટલે કે ૧૯૦૫માં સરકારે તેમને "સર નાઈટ"નો ખીતાબ આપ્યો. ત્યારથી કરીમભાઈ સાધારણ

કરીમભાઇ મટી ' સર કરીમભાઈ ઇબ્રાહીમ નાઇટ'' કહેવાયા. એટલુજ નહી પણ સખાવતી નાકાના સૂકાની સર કરીમભાઇએ ખોજા કોમમા સૌથી પહેલા "બેરોનેટ"નો ખીતાબ પણ મેળવ્યો. એટલે સર નાઇટ થયા પછી ૧૯૧૦ની સાલમા એટલે કે ૭૩ વર્ષની ઉમરમાં તેઓ ઑ. સર કરીમભાઇ ઇબ્રાહીમ બેરોનેટ કહેવાયા. સર કરીમભાઈ ઈ. સ. ૧૮૫૪ની સાલમાં પ્રથમ વેળા પરણ્યા. તેમના આ પ્રથમ ગૃહપત્નિના સ્વર્ગવાસ પછી ઈ. સ. ૧૮૭૬મા શેઠ વીસરામ સાજનના પૂત્રી બાઈ ફુલબાઈ સાથે તેમના બીજીવારના લગ્ન થયા.

મીલ ઉદ્યોગને હાથ કરી ઇ. સ. ૧૮૮૮માં કરીમભાઈ મીલ્સ સ્થાપ્યા પછી આગળ વધી ધીમે ધીમે તેઓએ બીજી મીલોની પણ સ્થાપના કરી. જે મીલોમાં કામ કરતા માણસોથી સ્હેજે જાણી શકાશે કે કરીમભાઇએ એક નાનકડું ગામડુંજ વસાવ્યું. જે ગામડામાં ૪૦,૦૦૦ માણસો કરીમભાઇને ત્યાંજ પોતાનો રોટલો ભાવીની લેખીણીથી લખાવી આવ્યા હતા. સર કરીમ-ભાઇની મીલોના નામોની અનુક્રમણિકા નીચે મુજબ છે;—

| મીલનું નામ. | કિંમત. | કામ કરતા માણસો | સ્પીંડલ | લુમ |
|---|---|---|---|---|
| કરીમભાઈ મીલ્સ / મહમદભાઇમીલ્સ | ૨૨,૦૦,૦૦૦ | ૨૬૧૫ | ૩૯૧૨૮ | ૧૦૩૦ |
| ફાજલભાઇ મીલ્સ | ૧૮,૦૦,૦૦૦ | ૨૭૩૩ | ૪૭૬૮૪ | ૧૨૬૮ |
| પર્લ મીલ્સ | ૧૯,૯૭,૦૦૦ | ૨૪૯૮ | ૫૨૨૫૬ | ૧૦૩૬ |
| પબાની મીલ્સ | ૨૦,૦૦,૦૦૦ | ૨૬૭૧ | ૪૯૩૫૬ | ૧૦૫૪ |
| ક્રેસંટ મીલ્સ | ૧૫,૦૦,૦૦૦ | ૨૪૨૦ | ૫૭૮૮૦ | ૧૦૫૪ |
| ઇંદોર માલવા મીલ્સ | ૨૦,૦૦,૦૦૦ | ૩૧૧૩ | ૪૫૬૮૮ | ૧૨૩૬ |
| ઇંડીઅન બ્લીચીંગ | ૧૮,૦૦,૦૦૦ | ૭૪૭ | ૪૩૫૮૦ | |
| પ્રિમિઅર મીલ્સ | ૧૯,૦૦,૦૦૦ | ૬૦૨ | ૧૩૫૮૪ | ૪૭૨ |
| કસ્તુરચંદ મીલ્સ / ઇમ્પીરીયલ મીલ્સ | ૪૭,૦૦,૦૦૦ | ૨૫૦૬ | ૩૫૩૧૪ | |
| | | ૧૫૪૮ | ૪૬૬૨૦ | ૯૧૩ |
| એડબરી મીલ્સ | ૨૪,૦૦,૦૦૦ | ૨૧૦૧ | ૩૫૮૮૪ | ૬૬૨ |
| મથુરાદાસ મીલ્સ | ૨૪,૦૦ ૦૦૦ | ૨૪૬૫ | ૪૩૫૯૬ | ૯૦૭ |
| માધોરાઓ સીંધીઆ | ૩૮,૦૦,૦૦૦ | ૨૩૦૨ | ૪૪૩૨૦ | ૬૦૪ |
| સીલોન મીલ્સ | ૧૨,૦૦,૦૦૦ | ૧૧૪૮ | ૨૦૬૨૦ | ૫૩૮ |
| ટોટલ | ૨૯૯૫૪૧૩૦ | ૨૯૪૬૯ | ૫૭૪૫૦૨ | ૧૦૭૭૪ |

સર કરીમભાઇ ઇબ્રાહીમ બેરોનેટ માત્ર સરનાઇટ કે બેરોનેટ થઇ અથવા વેપારમાં આગળ ધતાં કરોડપતિ થઇ માત્ર શ્રિમંત તરીકે જનસમાજમાં પૂજાવા પેદા ન્હોતા થયા, પણ તે કરૂણાળુ પુરૂષની છાતી તળે સંતાએલા હૃદયમાં દયાના ઝરણા ઝરતા. આજકાલના શ્રિમંતો પેઠે ગરીબ વર્ગ મદદ માગવા જતાં તેઓ તેમને ધુતકારી કાઢતા ન્હોતા. પણ માયાથી પાસે બેસાડી દર્દ ભરી કહાણી સાંભળી અનેક રૂડી સલાહે. સહિત જોઇતી મદદો આપતા, આજકાલના શ્રિમંતો

તો મદદ માગનારને જોઈ ગભરાઇ જાય છે. ગરીબ વર્ગ મદદ માગવા આવે તે જાણે કંટાળા રૂપ હોય તેમ દાદ ફરીયાદ સાંભળવાનું તો ઠેકાણે રહ્યું. પોતાના દરવાજા સુધી પણ તે ગરીબને પૂગવા દેતા નથી.

મીલ્કે બૈઠા મે શબે વસ્લનો [1]ઝુંઝલાકે કહા
દમ ઘુટા જાતા હય ગરમીસે ઝરા તો [2]સરકો

કરીમભાઇ ખરેખર કરીમજ હતા. કરમ કરનાર કરીમ તરીકે ઓળખાય છે. નામ પ્રમાણે તેઓ પણ કરમ કરતા. આવા એક સખી અને ઉદાર પુરૂષનું જીવન ચરિત્ર "સાકી"ની કલમથી બહાર પડે તે "સાકી"ના અહોભાગ્ય નહીં કે ?

એક દિવસે કરીમભાઇ શેઠ પોતાની મીલની મુલાકાતે ગયા. મીલમાં પુગતાં એક કારકુને કાંઇ મદદ માગવા નિમિત્તે અરજ કરી. પોતાના કારકુનને મદદ જોઈતી જોઇ કરીમભાઇ હરખાતા તેની વાત સાંભળી. પેલા ક્લાર્કે જોઇતી મદદ માગી અને તરતજ તેની અરજ સ્વીકારવામાં આવી. કરીમભાઇએ તેની અગવડો ટાળી, પોતાના ક્લાર્કોને બાળક પેઠે ગણતા કરીમભાઇ શેઠ પાસે નીરંતર અનાથો, વિધવાઓ અને ગરીબ

[1]ઝુંઝલાકે—ચીરડાઇને. [2]સરકો—દૂર ખસો.

વર્ગના માણસો જતા, આશા ભર્યા જતા, અને આશા પૂરી કરીનેજ આવતા, ક્યા છે એવા કરીમભાઇઓ કોમમાં ? ! ! !

પોતાના પૈસામાંથી પોતાની કોમના અનાથ બાળકોનું પાલણપોષણ કરવા-સ્વચ્છ હવા સાથે તેમની તંદુરસ્તીનું રક્ષણ કરવા તેમણે એક અનાથાશ્રમ ખુલ્લું મૂક્યું. અને તે કરીમભાઇ ઇબ્રાહીમ ખોજા ઑરફનેજના નામે ઓળખાઇ. હાલમા આ ઑરફનેજ માટુંગા ખાતે એક વિશાળ બીલ્ડીંગમાં રાખવામાં આવી છે. જ્યાનું મકાન આરોગ્યાતાવાળું હવા ઉજાસ અને તંદુરસ્તીના રક્ષણોથી ભરપૂર ખોજા કોમના અનાથ બાળકોને આશીર્વાદ સમાન થઇ પડ્યું છે, ઑરફનેજમા રહેતા અનાથ બાળકોને ઉત્તમ ભોજન અને દરેક જાતની ઉત્તમ ખાદ્ય ખોરાકી ઉપરાત રમત ગમતના દરેક સાધનો સાથે ઉત્તમ કેળવણી આપવાના સર્વોત્તમ ઉપાયો શેઠ કરીમભાઇએ યોજ્યા પોતાની જન્મ ભૂમિ એટલે કચ્છ માડવીમાં કેળવણીને પ્રિય ગણનાર કરીમભાઇએ કન્યાશાળા ઉપરાંત ધાર્મિક કેળવણી મેળવી શકાય તેવા મદ્રેસા (નિશાળ) ખુલ્લા મૂક્યાં, જ્યાં આજે પણ કચ્છ માંડવીની બાળાઓ જોઇતી કેળવણી પ્રાપ્ત કરી ઘરસંસારની કેળવણીથી પરિચિત થઇ પોતાનું સંસાર સુખરૂપ બનાવી શકે છે.

આવી નિશાળ ઉપરાંત કચ્છ માંડવી અને કચ્છ ભુજમાં મુસાફરોને હાડમારીથી બચાવવા તેમણે ધર્મશાળાઓ બાંધી જે પણ દરેક સુખ સગવડથી ભરપૂર કચ્છ જનારાઓને આશીર્વાદ સમાન થઇ પડી છે.

કરીમભાઇને ત્યાં સખાવતનો સમુદ્ર હંમેશ ઉછળતો રહેતો, સમૂદ્ર પાણી લઇ જનારને ના નથી પાડતો. કરીમભાઇના સખાવતી સમૂદ્રમાંથી હજારો માણસો પાણી ભરી જતા, ઉદાર પુરૂષ મદદ કરવામાંજ રાજી રહે છે. કરીમભાઇ મદદ માગવા આવનાર પ્રત્યે કંટાળો ન ખાતાં હર્ષથી, માયાથી, દયાભાવથી, પ્રેમથી તેમને રૂડી શીખામણો સહિત જોઇતી મદદો કરતા. ઇશ્વર ! હિંદમાં એવા સેંકડો કરીમભાઇઓ ભલે પેદા કરો.

મીલમાં કે ઘરમાં, ઑફીસમાં કે પેઢી ઉપર વિધવાઓ તેમજ અનાથ બાળકોની મુસીબતો તેઓ ટાળતાજ રહેતા. તેમાં પોતાની કામ ઉપર તો તેઓ પ્રાણજ પાથરતા.

સુખ એ મેળવવું ખરી રીતે જુઓ તો બહુજ કઠીણ છે. તેમાં સ્વર્ગીય સુખના નામે ઓળખાતા સુખો તો ક્યાંથી મેળવી શકાય ? ખરૂં સુખ પરમાર્થમાં છે. એ સુખ કરીમભાઇએ

ગન્યું. સ્વર્ગમાથી આવી, મૃત્યુ લોકને સ્વર્ગ
નાવી લક્ષ્મી અને સંતાનોમાં વસનાર કરીમભાઇ
ર્ગમા વસતા સ્વર્ગમા દયા હોય છે, કરીમ-
ાઇના ઘરમાં પણ દયા હતી, લક્ષ્મીની રેલમ-
લ હતી, અને સાથે સંતાનોની પણ સંપૂર્ણ
પ્તિ કહો એ સ્વર્ગીય સુખ નહીં કે ? સ્વર્ગ
ઇએ જોઇ નથી. પણ કરીમભાઇ તો આ
ાકમાં પણ સ્વર્ગમાંજ વસ્યા.

મેં મા'લુમ હય જન્નત કી હકીકત લેકીન
લ કે બહેલાનેકો ગાલિબ યે ખિયાલ અચ્છા હય

કરીમભાઈ ઓર્ફનેજના થોડાક અનાથ બાળ-
ાની કરૂણ કહાણી સાંભળી લ્યો. કરીમભાઇ
ઓર્ફનેજમાં રહેતા કેટલાક બાળકો તે ઓર્ફનેજના
શિક્ષકથી કંટાળી ગયા હતાં, શિક્ષક મહાશયથી
જોહુકમી અને નોકરશાહીમાં તે બાપડાઓ રોજ
પ્રાકડીથી મેથીપાકનું જમણ જમતા, એ જમણ
વરાઇને ખાતાં તેઓ કંટાળી ગયા, અને છેવટે એક
દિવસે મસલત કરી ચાર પાંચ છોકરાઓ કરીમ-
ભાઇ શેઠને બંગલે પૂગી વળ્યાં પોતાની, ઓર્ફ-
નેજના બાળકોને બંગલે આવેલા જોઇ કરીમ-
ભાઇએ તેમને માયાથી આવકાર આપી, બેસાડી,
યા પાણી લાવવા નોકરને હુકમ કર્યો. બાળકો
એ બંગલામાં આનંદ કર્યો, ચા પાણી પી લેતાં

## Hon. Sir Currimbhoy Ibrahim.

( Second Baronet )



**ઑ. સર કરીમભાઇ ઇબ્રાહીમ.** ( બીજા બેરોનેટ )

( મર્હુમ શેઠ કરીમભાઇના સહુથી વડા પૂત્ર શેઠ મહમદભાઇ. )

*Joshi Art Bombay 1*

કરીમભાઇ શેઠ તે બાળકોના બાજુમાં બેઠા અને સઘળી હકીકત પુછી. બાળકોએ પોતાના શિક્ષકની ક્રુરતા કહી સંભળાવી જે સાંભળી કરીમભાઇ ક્રોધે ભરાયા અને તે આવેલા બાળકોને પાંચ પાંચ રૂપીયા આપી. પોતાની મોટરમાં બેસાડી ઓર્ફનેજમાં મોકલી આપ્યા અને બીજે દિવસે તે શિક્ષક મહાશયની ખબર લેવામાં આવી જે વખતની આ વાત છે તે વખતે કરીમભાઇ ઓર્ફનેજ માઝગાં પર નહી પણ ભીમપુરામાં હતી, હાલ એ ઓર્ફનેજના બાળકો માટે ઉત્તમ પોશાકો ભાત ભાતના કાપડ સહિત સઘળી સગવડો રાખવામાં આવી છે. શું એ પરમાર્થમાં મન રોકી રાખનાર શેઠ કરીમભાઇએ સ્વર્ગીય સુખ ન જોયું ? ! ! !

એ સ્વર્ગીય સુખ ભોગવનાર સર કરીમભાઇ ઇબ્રાહીમ બેરોનેટના પ્રથમ પુત્ર સર મહમદભાઇ કરીમભાઇ તે હાલના બેરોનેટ ૧૧ મી સપ્ટેમ્બર ૧૮૬૭ના દિને જન્મ્યા સર મહમદભાઇ નાની વયથી સંપૂર્ણ કેળવણી પ્રાપ્ત કરી પિતાના ધંધામાં જોડાયા. અને ધીમે ધીમે જાહેર જીંદગીની શરૂઆત કરતાં તેઓ મુંબઇની મ્યુનીસીપલ કોર્પોરેશનમાં દાખલ થયા વળી હીંદી સરકારે બોમ્બે પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે તેમની નીમણુંક

શ્રી. પિતાની ઓર્ફનેજમાં તેઓ ચેરમેનની જગ્યાએ બિરાજ્યા અને અંજુમને ઇસ્લામ હાઇ સ્કુલના ખજાનચીનો માનનીય ઓધ્ધો પણ સર કરીમભાઇના એ બેરોનેટ પુત્રે ભોગવ્યો. સર મહમદભાઇના સૌથી વડા પુત્ર મી૦ હુસેનઅલી ૧૩ મી એપ્રીલ ૧૯૦૩ ના દિને પોતાના પિતાનું બેરોનેટપણું ચાલુ રાખવા જન્મ્યા. આ ભવિષ્યના બેરોનેટ મી૦ હુસેનઅલી પણ પોતાની નાની વયમાંજ સર કરીમભાઇના વેપારમાં ધ્યાન આપતા થયા. સર મહમદભાઇ કરીમભાઇના પુત્રી કમરખાનમ ૨૧મી જાન્યુઆરી ૧૯૦૨ના દીને જન્મી પિતાના લાડ કોડના લ્હાવા લીધા વિના પિતાના દીલ ઉપર વિયોગનો દાગ દઈ ૨૫ મી સપ્ટેમ્બર ૧૯૧૪ના દિને ભર જુવાન વયમાં સ્વર્ગવાસી થયા. ખરેખર સર મહમદભાઇને પોતાની આ પુત્રીનો વિયોગ બહુજ ભારે પડી ગયો ૪૮ વર્ષની ઉમરમાં સર મહમદભાઇના હૃદય ઉપર લાગેલો આ કારી ઘા હતો. ઈશ્વર તે પવિત્ર આત્માને શાંતિ આપો. હાલ સર મહમદભાઇ ૫૮ વર્ષની ઉંમર ભોગવી રહ્યા છતાં તેમની કારકીર્દીમાં તેઓ જરા પણ વૃદ્ધ થયા નથી. સંતાનોમાં મી૦ હુસેનઅલીમાંજ તેમની સઘળી આશાઓ ભરાઇ છે. ઇશ્વર આ ભવિષ્યના બેરોનેટને દિર્ઘાયુષ્ય આપો.

સર મહમદભાઇ કરીમભાઇના વડા પુત્ર મી૦ હુસેનઅલીને ત્યાં ૨ જી ફેબ્રુઆરી ૧૯૨૨ ના દિને પુત્રી જન્મી ત્રણ વર્ષની બાળકીનું નામ મુમતાઝબાનુ રાખવામાં આવ્યું. જ્યારે બ્હેન મુનીરા ૨૯ મી મે ૧૯૨૩ના દીને અવનવી સર મહમદભાઇના પુત્રી કમરબાનમના વિયોગમાં શ્રદ્ધારૂપ થઇ પડી.

૪ થી ઓકટોબરની ત એક આનંદમય પ્રભાત હતી. કે જ્યારે કરીમભાઇ જેવા ઉદાર-વૃત્તિના અડગ વેપારી પિતાને પગલે ચાલનાર પુત્ર સર ફાઝલભાઇ જન્મ્યા માતાની કુખ ફાઝલભાઇએ શોભાવી આ વીર પુરૂષની પ્રકૃતિ બોલવાની છટા, ભાષામાં નમ્રતા-પ્રેમ-દયા અને પરોપકાર કુદરતના કારીગરે ઠેરી ઠેરી ભરી દીધા છે. શ્રિમંત હોવા છતાં પણ જેવી જીંદગી સર ફાઝલભાઇ ગુજારે છે, તેવી હું નથી ધારતો કે કોઇ પણ શ્રિમંત આટલી જંજાળ અને ઉપાધી વેઠે, પોતાના પુત્રો તેમજ ભાઇઓના સંતાનોને કેળવનાર આખા કુટુંબમાં કોઇ હોય તો તે સર ફાઝલભાઇ એકજ છે.

ન્હાનપણથી ઉચ્ચ કેળવણીનું અમૃતપાન કરી ભર જુવાન વયે એટલે કે વીસ વર્ષની ઉમરમાં તો તેઓ પિતાના જમણા હાથરૂપે

થઈ પડયા. અને જ્યારથી સર ફાઝલભાઈએ વેપારમા પોતાની જીંદગીનો ભાગ આપ્યો. ત્યારથી તેમના પિતા ઘણીએક જંજાળોમાથી છુટયા. પિતાના દરેક કાર્યો સપૂત સર ફાઝલભાઈ સંભાળવા લાગ્યા. અને આજે સર કરીમભાઈના સ્વર્ગવાસી થયા પછી પણ તે ઉદાર પુરૂષની ખોટ પૂરી પાડનાર કરીમભાઈ વંશનો ઝળકતો હીરો સર ફાઝલભાઈ કુળને દીપાવી રહયા છે. ઉદાર વૃત્તિ, કોઈને પણ જોઈતી રૂડી શીખામણોમાં પોતાના કિંમતિ સમયનો ભોગ આપવામાજ ફાઝલભાઈ મોજ માણે છે.

સર કરીમભાઈના આ પૂત્રની જીંદગી એટલીતો જંજાળ અને કંટાળા ભરી છે કે જેની કલ્પના કરાવવી એ મારી કલમની શક્તિ બહારની વાત છે. સવારના તમે સાત વાગે બંગલે જાઓ તો ત્યાં તમને બેચાર છ માણસો મુલાકાત લેવા માટે બેઠેલાજ જણાશે. ઓફીસમા જાઓ તો ત્યા પણ એક જતો અને એક આવતો દેખાશે. દાદરપર કે લીફ્ટમાં જ્યા જુઓ ત્યા એકાદ માણસ વાત કરતોજ જણાશે. ૧૩ મીલોનો સઘળો વહીવટ અને જાહેર પ્રજાને અર્પેલો જીંદગીનો થોડોક ભાગ, ઉપરાંત પોતાની અંગત ચિંતાઓમા ઘેરાયલા આ વેપારી પુરૂષનું જીવન

**Hon. Sir Fazulbhoy Curimbhoy.**

( Knight ) C. B E



વેપારી પિતાના અડગ વેપારી પુત્ર

ઑ. સર ફાઝલભાઈ કરીમભાઈ (નાઈટ)

એવું જંજાળ ભર્યું છે ? કલકૌંની વાતો જુદી સાભળવી, શેર દલાલોને જવાબ જુદા આપવો, કપાસ અને કાપડના વેપારીઓને જુદા સંતોષી મોકલવા, પેઢીઓ અને ઓફીસોની ચિંતા જુદી રાખવા તે ઉપરાંત મજુરવર્ગમા તેવાજ માનીતા થઇ પડવું આટલી આટલી જ જાળો છતાં વાચામા તેજ નમ્રતા અને માધુર્ય, તેજ શાતી અને પ્રેમ મુખ ઉપર પ્રસરાયલું સંતોષનું હાસ્ય, એવી સ્થિતિમા તમે સર ફાઝલભાઇને હંમેશ આનંદમાજ જોશો.

વેપાર વહીવટની વાત જુદી રહી, જ્યારે પ્રજાકિય મામલાઓમા અને જાહેર, મંડળો સંસ્થાઓ, અને એવાજ બીજા ખાતાઓમા પ્રજાના હિતાહિતના ઉપાયોમાં, કોમના કલ્યાણમાં દેશના ભલામાં પણ કરીમભાઇની સાક્ષાત પ્રતિમાં સર ફાઝલભાઇ ઉભાજ છે, ભર જુવાન વયમાં તેમણે પોતાની જીંદગી પ્રજાને અર્પી છે. યુવાવસ્થામાં તેઓ કોર્પોરેશનમાં દાખલ થયા, અને બુદ્ધિ, પાંડિત્ય, ચાતુર્ય, અને ધૈર્યથી ભરપૂર વિદ્વાન વ્યક્તિ કોર્પોરેશનના પ્રમુખ તરીકે ચૂંટાઇ ઇ. સ. ૧૮૮૯ ના ફેબ્રુઆરી માસની ૨૪ મી તારીખે એટલે માત્ર ૧૭ વર્ષની વયમાં તેઓ પરણ્યા અને વેપારની જંજાળ, જાહેર પ્રજાના

હિતાહિતના વિચારો સાથે સંસારની જંજાળમાં પણ જકડાયા.

મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખની જગ્યાએ બીરાજ્યા પછી, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેનની જગ્યા સર ફાઝલભાઈએ શોભાવી જ્યારે કાઉન્સીલના સભાસદ તરીકે રહી, ગવરનર જનરલની સભામા પણ તેઓ એક માનનિય સભાસદનો ઓધ્ધો ભોગવતા હતા, યુનિવર્સિટીની સેનેટના મેમ્બર તરીકે પોતાની અમર કારકિર્દિનું પ્રજાને ભાન કરાવી, મજુર વર્ગમા લોક પ્રિયતા અને કારકુન વર્ગમા કોમનો આ લાડકો અનુપમ માન ખાટી ગયો. મીલ ઓનર્સ એસોસીએશનના ચેરમેન તરીકેની તેમની કારકિર્દિ મીલ ઉદ્યોગના સફાઓ પર સોનેરી અક્ષરે લખાએલી તાજી જ રહેશે. લક્ષાધિપતિ પિતાના લક્ષાધિપતિ પૂત્ર હોવા છતા પણ આળસુ જીંદગી ન ગાળતા પોતાની ૫૩ વર્ષની ઉમરનો મોટો ભાગ તેમણે લોક સેવા કાજે અર્પી, વેપારમા નામના મેળવી, અને સાથે પોતાના પુત્રો તેમજ ભત્રીજાઓને પણ કેળવી સર ફાઝલભાઇ કરીમભાઇ કુળના ભોમિયા થઇ પડયા.

પિતાના વેપાર વહીવટમાં ૨૦ વર્ષની ઉમરમાં પડી, તે ઉદ્યોગને ખીલવી. પ્રગતિની

રાંચી લઈ જનાર ફાઝલભાઇ ઇ૦ સ૦ ૧૯૧૩ મા સાધારણ ફાઝલભાઇ મટી, ઓનરેબલ સર ફાઝલભાઇ નાઇટના નામે પ્રખ્યાત થયા.

વક્તા તરીકે સર ફાઝલભાઇની બોલ ાની છટા જેઓ જાણતા હશે, તેઓજ તેમના આંતરીક ભાવોને પણ અચ્છી રીતે કલ્પી લેતા હશે દયાભાવમાં પ્રવિણતા હોવાનું મૂળ કારણ સખાવતી પિતા કરીમભાઇ છે, કેસરી પિતાનો કેસરી પૂત્ર, બાપના નામને વધુ પ્રકાશમાં લઇ આવવા સામર્થવાન થયો.

ગરીબોં પર દયા રખ્ખે તવંગર હો તો એસે હોં
જો ટુટી નાવ તયરાએં સમંદર હોં તો એસે હોં

સર ફાઝલભાઇના સંતાનોમા સૌથી વડા પૂત્ર મી૦ આમદભાઇ ૧૩ મી ઓગષ્ટ ૧૯૦૨ માં જનમ્યા. જેમના લગ્ન શેઠ કરીમભાઇ ઇબ્રાહીમના ચોથા પુત્ર શેઠ આમદભાઇના એટલે પોતાના કાકાની પુત્રી બ્હેન ઝરીનાબાઇ સાથે ૧૧ મી ઓગષ્ટ ૧૯૨૩ ના દિને થયાં. મી૦ આમદભાઇ પછી બીજા પૂત્ર મહમદઅલીએ ૨૧ મી મે ૧૯૦૪ ના દિવસે માત પિતાનો હર્ષ તાજો કર્યો. જે બાદ ૧૩ મી સપ્ટેમ્બર ૧૯૦૫ માં મી૦ ગુલામઅલી અવતર્યા, અને એકબાલ હુસેન

૧૯૧૦ ના ઓકટોબરની ૨૭ મી તારીખે ચંદ્રમા આસપાસ તારાની જગ્યા લીધી. અને સૌથી ન્હાના પુત્ર અમીરઅલીની ખુશ વધાઇ ૭મી જુલાઇ ૧૯૧૩ ના રવિવારે સંભળાવી.

સર ફાઝલભાઇ જેવા બુદ્ધિશાળી અને વિદ્વાન પિતાના પુત્રો માટે શું કહેવું હોય? પિતાના સઘળા પુત્રોને સર ફાઝલભાઇએ એવી રીતે લપેટી લીધા છે જાણે ચંદ્રમા આસપાસ તારલાઓનો મંદ પણ શીતળ પ્રકાશ

સ્વર્ગસ્થ સર કરીમભાઈ બેરોનેટ જેવા ફ્રીદના પ્યારા બાલુડાની યાદ તાજી રાખનાર પુત્ર સર ફાઝલભાઇ ઘણું જીવો.

ઓનરેબલ સર ફાઝલભાઇ પછી શેઠ કરીમભાઇના ત્રીજા પુત્ર ગુલામહુસેન ૧૨ મી જાન્યુઆરી ૧૮૭૯ ના દિને જનમ્યા. ફુલ્લા દિલના આ શેઠની ઉદારતા અને હૃદયની નિર્મળતને સંભારી આજે પણ કરીમભાઇના સ્ટાફના માણુસો કલ્પાંત કરે છે. છતા અફસોસ કે ઉદાર હૃદયના અને આનંદી જીવન ગાળનાર શેઠ ગુલામહુસેન ભર જુવાન વયેજ પરલોકની વાડી વસાવવા સ્વર્ગે સંચર્યા. એટલે કે ૧૯૧૮ ના ફેબ્રુઆરી માસની ૧૬ મી તારીખે ૩૯ વયનું આશા ભર્યું

## The Late Mr. Gulam Husain Currimbhoy.



મહુર્મ શેઠ ગુલામ હુસેન કરીમભાઇ.

*Joshi Art Bombay 1*

અંતર એવદ્દા જીવનને ભોગ થઇ પડ્યું પોતાના જુવાન, કેળવાયલ તેમજ ઉદાર વૃતિના પૂત્રના નીકળી જતાં વૃદ્ધાવસ્થા ભોગવતા શેઠ કરીમભાઇના હૃદય ઉપર કારી ઘા લાગ્યો.

મી૦ ગુલામહુસેન જેવા પોતે માયાળુ સ્વભાવના હતા, તેવાજ માયાળુ સ્વભાવના પુત્ર ઇબ્રાહીમને મૂકી ગયા. ગુલામ હુસેનભાઇના આ વડીલ પૂત્ર, મી૦ ઇબ્રાહીમનો જન્મ ૧૩ મી એપ્રિલ ૧૮૯૭ ના દિવસે થયો. મી૦ ઇબ્રાહીમ ભલા અને માયાળુ સ્વભાવના હોઇ વિદ્વાન કાકા સર ફાઝલભાઇની પાસબાની હેઠળ વેપારમા કામ કરી રહ્યા છે. ખરેખર મી૦ ઇબ્રાહીમની વાચામાં કાંઈ અજબ વશીકરણ છે. જે કોઈ પણ વાત કરનાર વ્યક્તિને કુદરતી ખેંચાણથી ઘસડી લે છે. નમ્રતા, બોલવામાં માયા અને સાથે નિર્દોષતાની સ્પષ્ટ છાપ તમે નિરંતર તેમના ચહેરાપર જોશો. કોઇ પણ માણસને પોતાનો બનાવી લેવાની ગજબ શક્તિ મી૦ ઇબ્રાહીમની વાચા ધરાવે છે. વળી સર ફાઝલભાઇ જેવા. બાહોશ, અને વિદ્વાન કાકાના હાથ હેઠળ કેળવાઈ મી૦ ઇબ્રાહીમ, સર કરીમભાઇ ઇબ્રાહીમ પેઢીમાં આગેવાની ભર્યો ભાગ બજવે

તો તેમા લેશ માત્ર પણ શકા જેવું નથી, ધણું જીવો ગજબ વાચાળ મી૦ ઇબ્રાહીમ.

મી૦ ઇબ્રાહીમના જન્મ પછી પાંચ વર્ષે એટલે ૭ મી જુલાઈ ૧૯૦૨ ના દિને મી૦ અલીમહમદ અવતર્યા અને તે પછી ગુલામહુસેન શેઠના સૌથી નાના પૂત્ર મી૦ અઝીઝ ૨૨ મી જુલાઈ ૧૯૧૫ ના દિવસે માત પિતાને આનંદમાં ડોલાવતા પધાર્યા. છતાં અફસોસ કે મી૦ અઝીઝ માત્ર ત્રણ વર્ષની કુમળી વયમાજ ગુલામહુસેન શેઠ જેવા પ્રેમાળ પિતાનો આસરો ખોઈ બેઠા. શેઠ ગુલામહુસેનના એક પૂત્રી બ્હેન ચ મીનાના લગ્ન કલકત્તાના જાણીતા આગેવાન શહેરી શેઠ ઉસ્માન જમાલના પૂત્ર મી૦ અશરફ સાથે થયા.

ગુલામહુસેન શેઠ પછી ચોથા પૂત્ર શેઠ અહમદભાઇનો જન્મ ૧૭ મી સપ્ટેમ્બર ૧૮૮૫ ના દિને થયો. અહમદભાઇ ખરેખર એક મોજીલા સ્વભાવના માણસ છે શોક અને ઉદાસી જે વ્યક્તિથી માઈલોના માઇલ ન્હાસતી હોય તેવી વ્યક્તિઓમાંની એક તે સર કરીમભાઇના ચોથા પૂત્ર મી૦ અહમદભાઇ છે. પિતાના વેપાર ઉદ્યોગમાં અહમદભાઇ શેઠ પણ અગ્ર ભાગ બજાવે છે. મીલો ઉપર તેમની દેખરેખ અને કારભાર કાંઈ છાનાં નથી. તે ઉપરાંત તેમના

ચપળ ભેજાને લાભ કરીમભાઈ ફર્મ લઇ રહયો 'હુ સ્વભાવે આનંદી અને રંગીલા શેઠ અહમદ-ભાઈના માયાળુ અને દયાભાવથી ભરેલા સ્વભાવ માટે વધુ શું લખું ? એટલુંજ કહેવું બસ થશે કે.

શખે માહ હય ઔર ચમનકી ફીઝા
લબે નહેર હય ઔર હય ઠંડી હવા
એક સાગરે મસ્ત પીલા લીલ્લાહ
તુજે સાકીએ માહેલકા કી કસમ

મીલ ઉદ્યોગના સરક્ષક શેઠ અહમદભાઈ હાલ ૪૦ વર્ષની વય ભોગવી રહ્યા છે. તેમના વડા પુત્રનુ નામ મી૦ હુસેનઅલી છે જેઓ ૪થી જાન્યુઆરી ૧૯૦૮ ના દિને જનમ્યા અને સૌથી નાના પૂત્ર મી૦ હબીબ ૫ મી જાન્યુઆરી ૧૯૧૦ના દિવસે પોતાનું જીવન પ્રકાશ પ્રસરાવતા અવતર્યા.

આ પાચમો પુત્ર કરીમભાઇનો અને તેમના સ્ટાફનો વ્હાલો રહેમતુલ્લા આવ્યો. આવતાં પ્રેમના ઝરણા ઝરી ગયો. અલોપ થયો. ૨૭ મી મે ૧૮૮૭ ના દિવસે આ ઉદાર અને વિદ્વાન શેઠ જનમ્યા. વેપારમા પોતાના જીવનનો થોડોક ભાગ આપ્યા ઉપરાંત જાહેર પ્રજાના હિતાહિતના વિષયોમાં પણ સૌનો આગલાગ રહેતો, તે

ઉપરાંત પોતાના માણસો ઉપર તેમણે રાખેલી અમી દ્રષ્ટિ આજે પણ ફરી ફરીને યાદ કરવામાં આવે છે લેજીસ્લેટીવ કાઉન્સીલ કિંવા સ્થાનીક ધારાસભાના તેઓ સભાસદ હતા. એટલુંજ નહી પણ તેમના ઉદાર હૃદયના પ્રતાપે ઘણાએકનું કલ્યાણ થઇ ગયું છે. એવા ઉદાર પુરૂષો બહુજ ઓછા જીવે છે. રહેમતુલ્લા શેઠ પણ ન જીવ્યા. ૨ જી મે ૧૯૨૧ ની તે નઠારી ઘડી છેવટે આવી પુગી જે ઘડીમા બધાના મનહરી, બધામા લાડકો થઈ પડેલો રહેમતુલ્લા તે મહાન બાપની કૃપા મેળવવા ચાલતો થયો. ઇશ્વર તે પવિત્ર આત્માને શાંતી આપો.

શેઠ રહેમતુલ્લાના સંતાનોમા પુત્ર મી૦ નઝલી અને પુત્રી હમીદા છે. મી૦ નઝલી ૨૬ મી સપ્ટેમ્બરના અવતર્યા જ્યારે બ્હેન હમીદા ૧૯૧૨ ની સાલમા જનમ્યા.

મર્હૂમ સર કરીમભાઇ ઇબ્રાહીમના છઠ્ઠા પુત્ર શેઠ હબીબભાઈ ૫મી સપ્ટેમ્બર ૧૮૮૯ ના દિવસે પિતાના વેપારમાં મદદનીશ થઈ પડવા પધાર્યા શેઠ હબીબભાઇ અત્યારે વેપાર ઉદ્યોગમાં અગ્રભાગ ભજવી રહ્યા છે. તેમના પહેલા પુત્ર મી. અકબરઅલી ૨૨ મી જાન્યુઆરી ૧૯૧૪ ના જન્મી પિતાના લાડકોડના લ્હાવા લીધા વિના ૩૧ મી ઓક્ટો-

# The Late Mr. Rehemtulla Currimbhoy.

M. L. A.



મર્હુમ શેઠ રહેમતુલ્લા કરીમભાઇ.

Joshi Art, Bombay 1

બર ૧૯૨૦ મા સ્વર્ગવાસી થયા. તે બાદ હબીબ શેઠના દ્વિતિય પુત્ર મી૦ નાઝિમ ૩૦ મી૦ જુન ૧૯૧૫ ના મી૦ અકબરઅલીનું દુઃખ ભુલવવા પધાર્યા, અને તે પછી તેમના ત્રીજા પુત્ર ૭મા મા ડીસેમ્બર ૧૯૨૧ મા પેદા થયા

કરીમભાઈ શેઠના આ પૂત્ર અત્યારે કારખાનામા આગળ પડતો ભાગ ભજવી રહયા છે, લખતા અતિશય હર્ષ થાય છે કે કરીમભાઇ શેઠના બધા પૂત્રો પિતાના ધંધામાં જોડાઇ. એક સંપીથી વહીવટ સંભાળી રહ્યા છે. જો કે સર ફાઝલભાઇનો ભાગ અને જંજાળ તો અલબત અગ્રપદ ભોગવે છે. કરીમભાઇના બધા પુત્રોમા હવે રહયા સૌથી નાના પૂત્ર મી૦ ઇસ્માઇલ, ઉધરતા યુવક, ૮ મા માર્ચ ૧૯૦૬ ના દિવસે કરીમભાઇ શેઠના આ નાના પૂત્ર અવતર્યા, ૧૯ વર્ષની કાચી વય છતા ભવિષ્યમા મોટી આશાઓ આપતા ચિન્હો અત્યારથીજ આપણે જોઇ શકીએ છીએ.

સર ફાઝલભાઇ જેવા અડંગ વેપારી, દયાળુ, ઉદાર, અને નીખાલસ સ્વભાવના વડીલ બંધુની દેખરેખ હેઠળ આ ઉધરતો યુવક ભવિષ્યમા હર્તા કર્તા થઇ પડે એ શું સંભવિત નથી? મી૦ ઇસ્માઇલના લગ્ન પણ થોડાજ મહીનાઓ

ઉપર થયા, આટલી કાચી વયમાજ મી૦ ઇસ્મા ઇલ સંસાર સાકળમાં પણ જકડાયા. ઘણું જીવે મી૦ ઇસ્માઇલ.

મર્હૂમ સર કરીમભાઇ ઇબ્રાહીમ બૅરોનેટના પૂત્રોની થોડી ઘણી-એમ કહો કે ટુંક હકીકતથી પરિચિત થઇ એ મર્હૂમ શેઠની થોડીક બીજી કારકિર્દિ પણ જાણી લઇએ.

મૂખ્ય બાબતો જે બાબત પર આપણે વજન આપી શકીએ તે માત્ર તેમણે કરેલી સખાવતો છે. કરીમભાઇ શેઠના ઉદાર હૃદયની કલ્પના માત્ર તે મનુષ્યોજ કરી શકતા હશે. જેઓ તેમના સમાગમમાં આવ્યા હશે કોઇ સંસ્થા-કોઈ મંડળ-કોઇ ખાતું એવું ન હશે જેમા કરીમભાઇ શેઠ તરફથી કાંઇ આપવામાં આવ્યું ન હોય, એટલુંજ નહીં, પણ ખાનગી રીતે તેમણે કેટકેટલાકોને અણમુલ મદદો કરી છે. એવા અનેક માણસો છે, જેઓ કરીમભાઈ શેઠ પાસેથી નિરંતર સ્હાય મેળવતા, કોઇને માસીક રકમ બાંધી દેવામાં આવી છે, તો કોઇને સંકટ સમયે મદદ કરવામા આવી છે. જેમને માસીક રકમો બાધી દેવામા આવી હતી, તેઓમાંથી કેટલાક એ મર્હૂમ શેઠના પ્રતાપથી હજી પણ એ રકમ મેળવી રહ્યા છે.

**The Late Mr. Rehemtulla Currimbhoy.**

M. L. A



મર્હુમ શેઠ રહેમતુલ્લા કરીમભાઇ.

Joshi Art, Bombay 1

પોતાના નોકરોમા જુઓ. નોકરો જેઓ નીમકહરામ હતા, તેઓએ હજારોના ઘોટાળા કર્યાં, રકમોની રકમો ઉચાપત કરી, કાપડની ગાસડીઓ સટકાવી પકડાયા છતા કરીમભાઇ શેઠને એવી બાબતની જાણ થતા, તેઓ માત્ર એટલુંજ કહેતા કે " તે પોતાના નસીબનું લઇ ગયો " પ્રભુ એવા કરીમભાઇઓથી ભારત ભુમિને ભરી દે

ખાનગી સખાવતોને કોરે મૂકો તેની ગણત્રી હું કરાવી શકતો નથી. જાહેર રીતે અપાયલી રકમોનીજ માત્ર કલ્પના કરો. પ્રથમ રકમ રૂપીઆ ૩,૦૦,૦૦૦ ત્રણ લાખ પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમને અપાયા, રૂપીઆ ૪,૫૦,૦૦૦ સાઇન્સ ઇન્સ્ટીટયુટને અને ૧૦,૦૦,૦૦૦ રૂપીઆ મુસલમાનોને સ્કોલરશીપ આપવા કાજે મુંબઇની યુનિવર્સિટીને આપ્યા. આ રકમો તો સાધારણ રકમો છે. રૂપીઆ ૧૮,૦૦,૦૦૦ ની રકમ તો જાહેર રીતે અપાઇ, પણ ખાનગી રીતે તેઓએ કેટલા રૂપીઆ આપ્યા તેની કલ્પના અગાઉના પૃષ્ટોમાં લખેલી અમૂક બાબતોથી વાચકવૃંદ કરી લેશે.

દુષ્કાળ–૫૬ ની સાલનો તે ભયંકર અને યાદગાર દુકાળ જે વખતે માણસોને ખાવા ધાન ન્હોતું. માણસો ત્રાહે ત્રાહે પોકારતા તેવા

કટોકટીના સમયમાં અમર નામના મેળવી જનાર શેઠ ધરમસી પૂંજા સાથે ભૂખે મરી જતા માણસોને અમૂલ્ય મદદો આપી છે. આવા એક પુરૂષની યાદ જાગતી રાખવા સારૂ જેવા હજાર લેખકો જીવન લખે, પ્રજા ઠેક ઠેકાણે સ્મારક સ્થંભો ઉભા કરે તોએ તે થોડુંજ છે.

પરમાર્થમાં આનંદ માનનારી વ્યક્તિઓ પારકાઓના સંકટો ટાળવામાં મોજ માનનારા, પુરૂષો આપણે સમાજમાં બહુજ ઓછા મેળવી શકીશું. જો કે શ્રિમંતો તો ડગલે ને પગલે મળશે. છતા તે શ્રિમંતો કે જેને આપણે એક શ્રિમંત તરીકે ઓળખી શકીએ એ બહુજ ઓછા જણાશે. ધનનો ઢગલો મારી કાઇ શ્રિમંત નથી થવાતું. મોટરોમા ફરવાથી અને હજુરીમાં પાંચ પચાસ નોકરો રાખી નાજુક જીવન ગાળવાથી કાઇ શ્રિમંત નથી બની જવાતું પરંતુ શ્રિમતાઇ અને ખરી મોટાઇ તો તે ાંજ છે, જેમાં સર કરીમભાઇ મગ્ન રહેતા.

મર્હૂમ સર કરીમભાઇ ઇબ્રાહીમ ગયા, સ્વર્ગની વાડી વસાવવા અદ્રશ્ય થયા છતાં, પોતાના કિરણો મૂકી ગયા છે ઑા. સર ફાઝલભાઇના આચાર વિચારો અને ભવિષ્ય માટે તેમણે ઘડેલી યોજનાઓ કોમ માટે એટલી તો

લાભદાયી નીવડશે જેની કલ્પના કરતા આનંદમા મસ્ત થઇ જવાય છે. સુંદર યોજના, એક ખરેજ વખાણપાત્ર વિચાર, છતા તે અમલમા મૂકાય ત્યા સુધી તો શાંતીજ રાખવાની છે. જો કે હજી તેમની એ યોજના અમલમા મુકાતા સમય નીકળી જશે; છતા પિતાના ઉદાર હૃદયનો વારસો સર ફાઝલભાઇ મેળવી શક્યા છે. પિતાએ જે કાંઇ કર્યું, તેમ ફાઝલભાઇ પણ કરી રહ્યા છે

ગરીબ, લાચાર, અનાથ. વિધવા, હોય કે હજ કરવા જવાની ઇચ્છા રાખનાર કોઇ માણસ હોય, ટુંકમા એટલુંજ લખુ કે સમાજના દરેક શખ્શો અને જરૂરીયાતોમાથી કાંઇ પણ મેળવવાની ઇચ્છા થતા, લાચાર વર્ગ કરીમભાઇ પાસે જતા. એકવાર હું આ બાબત લખી ચૂક્યો છું અને ફરી ફરી લખવાનું મન થાય છે. આહા! એવા ઉદાર હૃદયના કોમના રક્ષક ને નિર્દય અને ક્રુર કાળ ઉપાડી ગયો, છતા......નહીં

માતાની કુખને શોભાવનાર બાલુડાઓ પર માતાની પ્રિતી વિશેષ હોય છે. માતાને સુખ આપનાર બાળક પર માતા વધુ હેત ધરાવે

છે પોતાના પ્યારા પુત્રને ખોળામાં લે છે. આનંદથી ચૂમે છે. તેના દુઃખડા લે છે. તેને પોતાના પાસામાં ચાંપી પસવારે છે એ બધું કોના માટે? માતાના પ્રેમ સમુદ્રના મોજાઓમાં મસ્ત બની તરનાર બાલુડાને ખાતર, શું કરીમભાઈ ભારત માતાના બાલુડા નહી કે? શું ભારતના પ્યારા પૂત્ર નહી કે? શું તેમણે પોતાની જનનીને રાજી નથા કરી? કરી છે. માતા-ભારત માતા-હીંદીઓની પ્યારી માતૃભૂમિએ કરીમભાઈને પોતના ખોળામાં લીધો. કરીમભાઈ મરણ પામ્યા નથી, કરીમભાઈએ મૃત્યુ જાણ્યુંજ નથી. જેને આપણે મૃત્યુ માની બેઠા છીએ તે મૃત્યુ નથી. કરીમભાઈ દેખાતા નથી, માતાએ તેમને પોતાના ખોળામાં છુપાવી લીધા છે.

પ્યારી વસ્તુ બહાર કહત માણસને ગમતું નથી. પ્રિય વસ્તુને પાસેજ રાખવા મન ચાહે છે. ભારત માતાએ કરીમભાઈને પોતાના ખોળામાં લઈ લીધો. તે અદ્રશ્ય થયે, માણસો માનવા લાગ્યા કે તે મરણ પામ્યો, નહીં! નહીં! માતાના ખોળામાં સ્વર્ગીય સુખ તે ભોગવી રહ્યા છે.

હિંદનો પ્યારો આંકડો માતાના ખોળામાં
શાંતીની નિંદ્રા લઈ રહ્યો છે.

૨૬ મી સપ્ટેમ્બરનો તે એક ભયંકર દિવસ હતો, જે દિવસે હિંદ ા બેટ ગ ', ખોજા કોમ નો રક્ષક અદ્રશ્ય થયો, પુત્ર પુત્રીઓ, સ્નેહીઓ, અને આભારના બોજા હેઠળ દબાએલાઓ કલ્પાંત કરતા હતા. ૧૯૨૪ નું વર્ષ જે વર્ષમા અનાથો, વિધવાઓ, ગરીબ અને લાચરોએ પોતાનો સહાયક ખોહયો. સરકારી ખાતાઓ બંધ થયા, મુંબઇના ધંધા રોજગારોને તાળા મારવામા આવ્યા, ચોમેર શોક, દુખ અને ઉદાસીનું સામ્રાજ્ય થયું મોંઢા ઉપરથી હર્ષના ચિન્હો પલાયન કરી ગયાં, કારણ ?......૮૪ વર્ષની પાકી વયે ૨૬ મી સપ્ટેમ્બર ૧૯૨૪ ના દિવસે ખોજા કોમનો હીરો, સખાવતનો શાહ, હીંદનો વીરો મીલ ઉદ્યોગનો જમણો હાથ સરકારનો અને પ્રજાનો વ્હાલો, પોતાના શૈયા ઉપર હમેશની શાતીમય નિદ્રા તાણી રહ્યો હતો. માતાના ખોળામા સદાની વિશ્રાતી લે ા કોમને રડતી મૂકી તે જનાર હતો.

કરીમભાઈ સ્વર્ગવાસી થયા. પ્રજામાં ઉદાસી પ્રસરાઈ, ધંધા રોજગારો બંધ કરવામાં આવ્યા.

યુરોપીઅનો, પારસીઓ, હિંદુઓ, મરાઠાઓ, ખોજા
ઓ, મુસલમાનો ઇત્યાદી હજારોની સંખ્યામાં તે
પવિત્ર દેહને છેવટના પ્રણામ કરવા આવ્યા.
હજારો માણસો સાથે તે પવિત્ર દેહ છેવટના
દર્શન પછી તેની માતૃભૂમિને સુપ્રત કર્યો. તે
ગયો. તેની કિર્તિ હજી પણ ઝગમગી રહી છે.
તેનું નામ માણસો હજી યાદ કરી રહ્યા છે.
ઇશ્વર તે મહાન ઉદાર પુરૂષના પવિત્ર આત્માને
શાંતિ આપો અને આ ભારત વર્ષ પર એવા
સેંકડો કરીમભાઇઓ પેદા કરો.

# સમાપ્ત